નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765


Dt.10/3/2025 MONDAY 03

સામના મિરર

ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબજાર ૧૦૦ અબજ ડોલરને પાર

૬૦૦ થી વધુ ઓનલાઈન જુગાર-સટ્ટાના પ્લેટફોર્મનું વિદેશમાંથી સંચાલન, મની લોન્ડરિંગના ગુનામાં અનિયંત્રિત વધારો થયો: બોલિવૂડ કલાકારો-ઈન્ફ્લુએન્સર્સ દ્વારા ઓનલાઈન બેટિંગ-ગેમ્બલિંગ પ્લેટફોર્મ્સનો પ્રચાર જોખમી

ભારતમાં આઈપીએલની સિઝનમાં ગેરકાયદે બેટિંગ-ગેમ્બલિંગ સર્વોચ્ચ સપાટીએ પહોંચવાની આશંકા

ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબજાર ૧૦૦ અબજ ડોલરને પાર

જુઓ પેજ નં.૦૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :10 MARCH 2025 I MONDAY I Page :8 I Year : 2 I Issue :286 I Price: 2/-



**ટુર્નામેન્ટની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ત્રીજી વખત ટ્રોફી કબજે કરી**

# ભારત વિશ્વવિજેતા

ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું ચેમ્પિયન બન્યું છે. દુબઈમાં રમાયેલી ફાઈનલમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૪ વિકેટે હરાવીને ત્રીજું ટાઇટલ જીત્યું છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ ૧૨ વર્ષે ટ્રોફી પર કબજો કર્યો છે. ફાઈનલમાં કેપ્ટન રોહિત શર્માએ ૭૬ રન બનાવ્યા હતા. તો શ્રેયસ અય્યરે ૪૮ રન બનાવ્યા હતા. અંતે રાહુલ, હાર્દિક અને જાડેજાએ ટીમને જીત અપાવી હતી.ટીમ ઈન્ડિયાએ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ૪ વિકેટે હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી છે. દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતે ૪૯ ઓવરમાં ૨૫૨ રનના ટાર્ગેટ ચેઝ કર્યો.

૯ મહિનામાં કેપ્ટન તરીકે રોહિત શર્માનું આ બીજું ઈંઈઈ ટાઇટલ છે. તેણે ગયા વર્ષે ૨૯ જૂને ઝ-૨૦ વર્લ્ડ કપ પણ જીત્યો હતો.

રોહિત શર્માએ કેપ્ટનશિપની ઈનિંગ રમી અને ૭૬ રન બનાવ્યા. શ્રેયસ (૪૮ રન), કેએલ રાહુલ (અણનમ ૩૪ રન) અને અક્ષર પટેલ (૨૯ રન) એ રન ચેઝમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

કુલદીપ યાદવે બોલિંગમાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી કારણ કે તેણે બે ઓવરમાં બે વિકેટ લીધી હતી અને રમત ભારતની તરફેણમાં લાવી હતી. તેણે રચિન રવીન્દ્ર અને કેન વિલિયમસનને પેવેલિયન મોકલ્યા. ન્યૂઝીલેન્ડ તરફથી ડેરીલ મિચેલ (૬૩ રન) સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો.

તાજેતરમાં રોહિત શર્માની ફિટનેસ પર સવાલ ઉઠાવનારા અને તેમને જાડિયા કહનારા કોંગ્રેસ પ્રવક્તા શમા મોહમ્મદે પણ પ્રતિક્રિયા આપી છે. તેણે રોહિતની ખૂબ પ્રશંસા કરી છે અને ટીમ ઈન્ડિયાને અભિનંદન આપ્યા છે.

ભારતને અભિનંદન, ન્યૂઝીલેન્ડને સંવેદના. રોહિત શર્માએ ટોપ ઓર્ડરમાં શાનદાર પ્રદર્શન કર્યું. કુલદીપ યાદવ અને વરૂણ ચક્રવર્તી જાદુગરો છે. રવીન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ વિશ્વ કક્ષાના ઓલરાઉન્ડર છે. ભારતે આ મેચ જસપ્રીત બુમરાહ વિના અને રિષભ પંત બેન્ચ પર હોવા છતાં જીતી લીધી. તેઓ વિશ્વની શ્રેષ્ઠ ટીમ છે.પાકિસ્તાન દ્વારા આયોજિત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ભારતે રેકોર્ડ ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતી. ભારતે બેટ અને બોલ બંનેથી પ્રભુત્વ મેળવીને ન્યૂઝીલેન્ડને હરાવ્યું.

કેપ્ટન રોહિત શર્માએ કહ્યું-અમે આખી ટુર્નામેન્ટ દરમિયાન સારું ક્રિકેટ રમ્યું. ચેમ્પિયન બનવાની અનુભૂતિ સરસ છે. આક્રમક ક્રિકેટ રમવા બદલ મને ટીમ તરફથી ઘણો ટેકો મળ્યો. મેં મારી કારકિર્દીમાં અલગ રીતે ક્રિકેટ રમ્યું છે, પણ હવે હું આક્રમક ક્રિકેટ રમવામાં પણ ખુશ છું.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ઉત્તર ભારતીય હિમપ્રપાત



ગયા અઠવાડિયે, ઉત્તરાખંડના માના ગામમાં હિમપ્રપાત બાદ, ભારતીય સેના અને ભારત-તિબેટીયન બોર્ડર પોલીસની ટીમોએ જાડા અને ઘન બરફના કાટમાળ નીચે ફસાયેલા ૨૩ મજૂરોને બચાવ્યા. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન ઇછ્ઉ ના બાંધકામ સ્થળે થયેલી આ દુર્ઘટનામાં આઠ કામદારોના મોત થયા હતા, જ્યાં આઠ કન્ટેનરમાં ૫૪ કામદારો રહેતા હતા. અલબત્ત એ વાસ્તવિકતા છે કે બચાવ કામગીરી મુશ્કેલ હતી. દરિયાની સપાટીથી ૧૦,૫૦૦ ફૂટની ઊંચાઈએ ભારે હિમવર્ષા વચ્ચે બચાવ ટીમોએ લગભગ ૬૦ કલાક સુધી સતત વારાફરતે શિફ્ટમાં કામ કર્યું. બરફને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હોવાથી, કાટમાળમાંથી બચાવેલા લોકોને હેલિકોપ્ટર (ભારતીય સેનાના પાંચ, વાયુસેનાના બે અને એક નાગરિક હેલિકોપ્ટર) દ્વારા જોશીમઠ લશ્કરી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

સ્થળાંતરમાં સામેલ ભૌતિક પ્રયાસોની સાથે, બચાવ કામગીરીમાં બર્ફીલા થર, ઘન બરફ અને ખડકો નીચે દટાયેલા કન્ટેનર શોધવા માટે ડ્રોન-આધારિત શોધ પ્રણાલીઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય ક્ષેત્રના છેલ્લી ચોકીઓમાંની એક અને ચીનની સરહદની નજીક આવેલા માના પર જે પ્રકારનો હિમપ્રપાત થયો તે હિમાલયના રાજ્યોમાં અનોખું નથી. અહીંના ગ્રામજનો ઐતિહાસિક રીતે શિયાળામાં સ્થળાંતર કરનારા રહ્યા છે, જેનો અર્થ એ થાય કે શિયાળાના મહિનાઓમાં ગામ ઉજ્જડ રહે છે. નવેમ્બરમાં બદ્રીનાથ મંદિરના દરવાજા બંધ કરવાની વિધિ સાથે, શિયાળા માટે ગોપેશ્વર અને જ્યોતિર્મઠ જેવા નીચાણવાળા ગામોમાં સ્થળાંતર થાય છે. એપ્રિલ કે મે મહિનામાં મંદિર ફરી ખુલે ત્યારે જ ગ્રામજનો પાછા ફરે છે. આ પરંપરાગત શાણપણનો એક ભાગ છે અને હિમાલયના ઉપરી પ્રદેશના લોકો દ્વારા આપત્તિઓ માટે સંવેદનશીલ હોવાના અનુભવ સાથે સંબંધિત છે.

જ્યારે આ પ્રથાએ ગામના રહેવાસીઓને રક્ષણ આપ્યું હશે, ત્યારે એ પ્રશ્ન તો છે જ કે શું કામદારો - જેમાંથી ઘણા સ્થળાંતરિત હતા - તેમના કામમાં રહેલા જોખમોથી પૂરતા પ્રમાણમાં વાકેફ ન હતા? ગામડાઓના વ્યૂહાત્મક સ્થાન અને નાગરિક અને લશ્કરી પહોંચ માટે વધુ સારા રસ્તાઓ વિકસાવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, આ વિસ્તારોમાં હંમેશા યોગ્ય સંખ્યામાં લોકો કાર્યરત રહેશે. આ એવા ક્ષેત્રો છે જે સ્વાભાવિક રીતે જ પ્રતિકૂળ અને જોખમોથી ભરપૂર છે. જ્યારે પણ કોઈ આપત્તિ આવે છે, ત્યારે બધા પ્રયાસો બચાવ કામગીરી પર કેન્દ્રિત હોય છે, અને એકવાર આ કામગીરી સમાપ્ત થઈ જાય પછી, કયા નિવારક પગલાં લઈ શકાયા હોત તેના પર બહુ ઓછો વિચાર કરવામાં આવે છે. હિમપ્રપાતની ચોક્કસ આગાહી કરી શકાતી નથી, પરંતુ એવા કન્ટેનર ડિઝાઈન કરવા માટે પગલાં લઈ શકાય છે જે રહેવા માટે વધુ સુરક્ષિત હોય અને અકસ્માતની સ્થિતિમાં બચવાની શક્યતા વધારે હોય. એન્ટાર્કટિકામાં સંશોધન સ્ટેશનો જે રીતે ડિઝાઈન કરવામાં આવે છે તેમાંથી ઘણું શીખવા જેવું છે. આ બધા માટે જોખમો વચ્ચે મહેનત કરતા કામદારો પ્રત્યે વધુ સંવેદનશીલતાની જરૂર છે. આ દુર્ઘટનાઓને ફક્ત કુદરતી આફતોના અનિવાર્ય પરિણામો તરીકે વર્ણવવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે. દર વર્ષે શિયાળામાં પહાડોમાં હિમવર્ષા અને હિમસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ જવાની સામાન્ય ઘટના છે. પરંતુ હવે આ ઘટનાઓ જે રીતે તબાહી મચાવી રહી છે તે ચિંતાનો વિષય છે. કાશ્મીરના સોનમર્ગ વિસ્તારમાં પહાડ પરથી બરફના ખડકો પડતાં ત્યાં વહેતું નાળું બંધ થઈ ગયું હતું. જેના કારણે ગટરના પાણી રોડ પર વહેવા લાગ્યા હતા. સોનમર્ગના અપાર કુદરતી સૌન્દર્યનો સાક્ષાત્કાર કરવા આવેલા પ્રવાસીઓ માટે આ એક અણધાર્યું દુઃસ્વપન હતું.

# કોરોના મહામારીના તથ્યો છુપાવવા બદલ ચીનને ૨૪ અબજ ડોલરનો દંડ, અમેરિકન જજનો ચુકાદો



વિશ્વભરમાંથી કરોડોના જીવ લેનારી કોવિડ મહામારી માટે અમેરિકાની ફેડરલ કોર્ટે ચીનને દોષિત ઠેરવ્યું છે. જેના માટે ચીનને ૨૪ અબજ ડોલરથી વધુનો દંડ પણ ફટકાર્યો છે. ફેડરલ કોર્ટના જજે શુક્રવારે આ મામલે ચુકાદો આપતાં ચીનને કોવિડ મહામારીના તથ્યો છુપાવવા, વિશ્વને ગેરમાર્ગે દોરવા બદલ અને સુરક્ષાત્મક ઉપકરણોનો સંગ્રહ બદલ દોષિત ઠેરવ્યો છે. મિસૌરીના અધિકારી ચીનની સંપત્તિઓ જપ્ત કરી શકે છે. મહામારીના પ્રારંભિક દિવસોમાં એપ્રિલ, ૨૦૨૦માં મિસૌરી એટર્ની જનરલના કાર્યાલય દ્વારા દાખલ કેસમાં ચીનની સરકાર પર વાઈરસના ફેલાવા વિશે માહિતી છુપાવવા તેમજ વિશ્વના અન્ય હિસ્સામાંથી પર્સનલ કેર, પીપીઈ, સુરક્ષા ઉપકરણોનો સંગ્રહ કરી વિશ્વમાં પુરવઠાની અછત ઉભી કરવાનો આરોપ હતો.આ મામલે ચીન તરફથી કોઈ રજૂઆત કે દલીલ કરવામાં આવી નથી. વોશિંગ્ટન સ્થિત ચીનના દૂતાવાસના અધિકારીઓએ આ મામલે કોઈ ટીપ્પણી આપી નથી. પોતાના ચુકાદામાં જજ સ્ટીફન એન. લિંબાઘ જૂનિયરે જણાવ્યું હતું કે, ચીને કોવિડ-૧૯ મહામારીના જોખમ પર વિશ્વને ગેરમાર્ગે દોર્યું હતું. પીપીઈનો સંગ્રહ કરી એકાધિકારવાદી કાર્યવાહીઓ કરી હતી. આ પણ વાંચોઃ ઇછ્ઊઅઊઈંગત્રૠ ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડની અચાનક તબીયત લથડી, દિલ્હી એઈમ્સમાં ખસેડાયા

ચીનની કોવિડથી રક્ષણ આપતાં ઉપકરણોની જમાખોરીના કારણે અમેરિકામાં વાઈરસનો સામનો કરવા માટે મેડિકલ સર્વિસ પ્રોવાઈડર પાસે પર્યાપ્ત પુરવઠો રહ્યો ન હતો. નવો પુરવઠો ખરીદવો પણ મુશ્કેલ બન્યો હતો. મિસૌરીના પૂર્વ જિલ્લાની અમેરિકાની કોર્ટના જજ લિંબાધે ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટી, સ્થાનિક સરકાર, સહિત દેશની સ્વાસ્થ્ય એજન્સી અને એક રિસર્ચ સેન્ટર વિરૂદ્ધ આ ચુકાદો આપ્યો છે.

મિસૌરીના એટર્ની જનરલ એન્ડ્રયુ બેલીએ જણાવ્યું કે, ચીને કોર્ટમાં હાજર થવાનો ઈનકાર કર્યો હતો. જો કે, તેની ગેરહાજરીથી તે વિશ્વ પર આવેલા અગણિત દુખ અને આર્થિક નુકસાનથી બચી શકશે નહીં. અમે ચીનની માલિકીની સંપત્તિઓ જપ્ત કરી દંડની રકમ વસૂલ કરીશું. ૨૦૨૦માં આ કેસ નોંધાયો હતો. તેના થોડા સમય બાદ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ કેસ નકામો છે, અને તેનો કાયદાકીય કોઈ આધાર નથી.

# ચીન પર વિશ્વાસ કરી શકાય નહીં, ભારત માટે બે મોરચે જોખમ હકીકત : આર્મી ચીફ

નવી દિલ્હી : અમેરિકા સાથે ટ્રેડ વોર વધુ વકરવાની આશંકાઓ વચ્ચે ડ્રેગને ભારત તરફ મિત્રતાનો હાથ લંબાવ્યો છે ત્યારે આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીનું કહેવું છે કે ચીન પર કોઈપણ રીતે વિશ્વાસ મુકી શકાય તેમ નથી. વધુમાં ભારતીય સૈન્ય નવી ટેક્નોલોજી સાથે દરેક પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. બીજીબાજુ અમેરિકા પાસેથી મોંઘા એફ-૩૫ વિમાનોની ખરીદી મુદ્દે એર ચીફ માર્શલ એ પી સિંહે કહ્યું કે, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ તરફથી ભારતને એફ-૩૫ ફાઈટર વિમાન આપવા માટે હજુ સુધી ઔપચારિક દરખાસ્ત કરાઈ નથી.

ચીન અને પાકિસ્તાન વચ્ચે મિલિભગત છે, જે આપણે સ્વીકારી લેવું જોઈએ. એટલે કે ભારત માટે બંને મોરચે જોખમ છે તેમ આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું. આ સાથે તેમણે ભવિષ્ય માટે સૈન્યની તૈયારીઓ, દુનિયામાં હાલ ચાલી રહેલા ઘર્ષણોમાંથી બોધપાઠ, બાંગ્લાદેશમાં સ્થિતિ અને વાસ્તવિક નિયંત્રણ રેખા અને અંકુશ રેખા પરની સ્થિતિ પર પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું કે, ભારતીય સૈન્ય ખૂબ જ ઝડપથી ટેક્નોલોજીને અપનાવી રહી છે અને દરેક પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ચીન સાથે ફરી યુદ્ધની સ્થિતિ સર્જાય તો ભારત કેટલું તૈયાર છે તે મુદ્દે સૈન્ય પ્રમુખે કહ્યું કે, ભારત ડ્રોન ટેક્નોલોજી સહિત દરેક વિકસિત થઈ રહેલી ટેક્નોલોજી પર કામ કરી રહ્યું છે. આપણી પાસે એવા ડ્રોન છે, જે એકે-૪૭ ફાયર કરી શકે છે અને મિસાઈલ લોન્ચ કરી શકે છે.

# ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબજાર ૧૦૦ અબજ ડોલરને પાર



## ભારતમાં આઈપીએલની સિઝનમાં ગેરકાયદે બેટિંગ-ગેમ્બલિંગ સર્વોચ્ચ સપાટીએ પહોંચવાની આશંકા

### ૬૦૦ થી વધુ ઓનલાઈન જુગાર-સટ્ટાના પ્લેટફોર્મનું વિદેશમાંથી સંચાલન, મની લોન્ડરિંગના ગૂનામાં અનિયંત્રિત વધારો થયોઃ બોલિવૂડ કલાકારો-ઈન્ફ્લુએન્સર્સ દ્વારા ઓનલાઈન બેટિંગ-ગેમ્બલિંગ પ્લેટફોર્મ્સનો પ્રચાર જોખમી

નવી દિલ્હી : ભારતમાં ગેરકાયદે જુગાર અને સટ્ટાબજારનો પ્રચાર અને પ્રસાર ખૂબ જ ખતરનાક ગતિએ વધી રહ્યો છે. ત્રણ જ મહિનામાં એટલે કે ઑક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે માત્ર ચાર જ પ્લેટફોર્મ પેરીમેચ, સ્ટેક, ૧એક્સબેટ અને બેટરી ફર્સ્ટ પર જ ૧.૬૦ અબજ વિઝિટર્સ નોંધાયા હતા. ઈન્ટરનેટ મીડિયાના માધ્યમથી આ પ્લેટફોર્મ્સ સુધી પહોંચવાનો સૌથી વધુ પ્રયાસ થયો. વધુમાં બોલિવૂડ કલાકારો અને ઈન્ફ્લુએન્સર્સ દ્વારા સટ્ટાબજારના આ પ્લેટપોર્મ્સનો પ્રચાર કરવામાં આવતા તેનો પ્રસાર વધુ ઝડપી બન્યો છે.

ઓનલાઈન જૂગાર અને સટ્ટા વિરુદ્ધ સરકારના એક નીતિ જૂથ દ્વારા જાહેર રિપોર્ટમાં કહેવાયું છે કે ઓનલાઈન જુગાર અને સટ્ટા વિરુદ્ધ સરકાર અને ગૂગલ તથા મેટા જેવી મોટી ટેક્નોલોજી કંપનીઓની સંયુક્ત લડાઈની જરૂર છે. ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશનના રિપોર્ટ મુજબ દેશમાં ગેરકાયદે જુગાર અને સટ્ટાબજારનું નેટવર્ક ગંભીરરૂપ લઈ ચૂક્યું છે. એક અંદાજ મુજબ આ ગેરકાયદે સેક્ટર દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની લેવડ-દેવડ પાર કરી ચૂક્યું છે અને વર્ષે ૩૦ ટકાના દરે વધી રહ્યું છે. તેને રોકવા માટે માત્ર સરકારના પ્રયાસો પૂરતા નથી.

આ વર્ષે યોજાનારી આઈપીએલ કેટલાક સપ્તાહમાં શરૂ થવાની છે ત્યારે નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આઈપીએલ સિઝન દરમિયાન ભારતમાં ગેરકાયદે બેટિંગ અને ગેમ્બલિંગ સર્વોચ્ચ સપાટીએ પહોંચી શકે છે.

ફાઉન્ડેશનના સ્થાપક અરવિંદ ગુપ્તાએ કહ્યું કે, ઓનલાઈન જુગાર અને સટ્ટાબજારના કારણે મની લોન્ડરિંગ અને ગેરકાયદે ચૂકવણીમાં અનિયંત્રિત વધારો થઈ રહ્યો છે. ગૂગલ અને મેટા એડવર્ટાઈઝિંગ અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન (એસઈઓ)થી નફો કરી રહ્યા છે, તેથી તેમના દ્વારા નિર્ણાયક પગલાં લેવામાં આવતા નથી. તેમનો એક તૃતિયાંશ ટ્રાફિક આ વેબસાઈટ્સના માધ્યમથી આવે છે.

એક રિપોર્ટ મુજબ ગેરકાયદે ઓપરેટર્સ દ્વારા ડિજિટલ જાહેરાતો અને માર્કેટિંગ ચેનલો, પેમેન્ટ ઈકોસીસ્ટમ અને સોફ્ટવેર પ્રોવાઈડર્સની મદદથી અત્યાધુનિક નેટવર્ક મારફત તેમના પ્લેટફોર્મ્સ ચલાવવામાં આવે છે.

અરવિંદ ગુપ્તાએ કહ્યું કે, ગેરકાયદે ઓનલાઈન બેટિંગ અને સટ્ટાબજારની છેતરપિંડીનો સેંકડો ભારતીયો ભોગ બન્યા છે. પરંતુ આ પ્લેટફોર્મ્સના જંગી પ્રમાણમાં નકલી એકાઉન્ટ્સ હોવાથી તેમને પકડવા ખૂબ જ મુશ્કેલ છે.

એક રિપોર્ટ મુજબ બોલિવૂડ કલાકારો અને ઈન્ફ્લુએન્સર્સ તેની અસર જાણ્યા વિના જ તેનો પ્રચાર કરી રહ્યા છે. ઓનલાઈન સટ્ટાબાજી અને જુગારના પ્લેટફોર્મના નિરીક્ષણ અને કાર્યવાહીથી બચવા માટે અનેક મિરર વેબસાઈટ બનાવી તેમનું કામ કરી રહ્યા છે. તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવે તો લોકોને આકર્ષવા માટે તેની મિરર વેબસાઈટ ઉપલબ્ધ હોય છે. આ પ્લેટપોર્મ્સ જંગી કમાણી કરે છે અને મની લોન્ડરિંગ તો કરે જ છે. સરોગેટ અથવા નકલી કંપનીઓ મારફત પેમેન્ટ લે છે.

રિપોર્ટ મુજબ અંદાજે ૬૦૦ પ્લેટફોર્મ વિદેશથી સંચાલિત છે અને તે સીધે-સીધા જીએસટીની ચોરી કરે છે. અરવિંદ ગુપ્તાએ કહ્યું કે, એવી આચારસંહિતા હોવી જોઈએ જેનાથી ઓનલાઈન જુગાર અને સટ્ટાબજારની જાહેરાતોને સંપૂર્ણપણે રોકી શકાય. જેમ કે, જીએસટી ન ચૂકવતા પ્લેટફોર્મ્સની સરળતાથી ઓળખ કરી શકાય છે. આ પ્લેટપોર્મ્સને બ્લોક કરવા એ એકમાત્ર સમાધાન ન હોઈ શકે.

ઓનલાઈન જુગાર અને સટ્ટાબજારમાં તિવ્ર ઉછાળો આવતા અને તેને પ્રોત્સાહન આપતી જાહેરાતોમાં વધારો થતાં સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ)એ વ્યાપક એડવાઈઝરી બહાર પાડી હતી, જેમાં જણાવાયું હતું કે, કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ ૨૦૧૯ મુજબ ઓનલાઈન બેટિંગ અને ગેમ્બલિંગની જાહેરાત, પ્રચાર પ્રતિબંધિત છે. પબ્લિક ગેમ્બલિંગ એક્ટ, ૧૮૬૭ હેઠળ બેટિંગ અને ગેમ્બલિંગ પ્રતિબંધિત છે અને તેને ગેરકાયદે માનવામાં આવે છે. આમ છતાં ઓનલાઈન બેટિંગ પ્લેટફોર્મ્સ અને એપ્સ પ્રત્યક્ષ તેમજ ગેમિંગના નામે બેટિંગ અને ગેમ્બલિંગની જાહેરાતો કરી રહ્યા છે.

### હાથમાં તિરંગો, દેશભક્તિના ગીત અને રંગબેરંગી રોશની

# રાજકોટવાસીઓએ જોશભેર ટીમ ઈન્ડિયાની જીતની ઉજવણી કરી







રાજકોટના રસ્તાઓ પર ટીમ ઈન્ડિયાની જીતની ઉજવણી માટે લોકો તિરંગા સાથે રસ્તા પર ઉતર્યા હતા. દેશભક્તિના ગીત સાથે ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાની જીતની પળને નિહાળવા માટે રાજકોટમાં થોડીવાર માટે વાહનોના પૈડાં થંભી ગયા હતા. લોકો જ્યાં હતા ત્યાં જ ઉજવણી કરતા જોવા મળ્યા હતા

આઈસીસી વન ડે ચેમ્પિયન્સ ટ્રોફીની આજે રવિવારે ભારત અન ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ટીમ ઈન્ડિયાને ૨૫૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જેમાં ઈન્ડિયા ટીમે ૨૫૪ રન કરતાં 'ચેમ્પિયન' બની છે, ત્યારે ૧૨ વર્ષ બાદ ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલમાં ભારતીય ટીમની શાનદાર જીત થઈ છે. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારતની જીતની ગુજરાત સહિત દેશભરમાં ભવ્ય ઉજવણી થઈ રહી છે.

ભારતીય ટીમ ચેમ્પિયન બનતા દેશભરમાં ઉજવણી થઈ રહી છે, ત્યારે સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, પાટણ, વલસાડ, મહેસાણા સહિત ગુજરાતભરમાં જશ્નોનો માહોલ છવાયો છે. લોકોએ ફટાકડા ફોડીને ફાઈનલમાં ભારતીય ટીમની જીતની ઉજવણી કરી રહ્યાં છે. ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલમાં રવીન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ આખી ટૂર્નામેન્ટ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું.

ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલમાં ભારતે ન્યૂઝીલેન્ડને ચાર વિકેટે મ્હાત આપી ટ્રોફી જીતી છે. ૧૨ વર્ષ બાદ ફરી ભારતે ફરી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે, અગાઉ એમ એસ ધોનીની આગેવાનીમાં ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ટીમ ઈન્ડિયા અત્યાર સુધી કુલ ત્રણ વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતી ચૂકી છે. આટલું જ નહીં ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન કરવાનો રેકોર્ડ પણ ટીમ ઈન્ડિયાના નામે નોંધાયો છે. આજની જીત સાથે જ ન્યૂઝીલેન્ડ સાથેનો ભારતનો ૨૫ વર્ષ જૂનો હિસાબ બરાબર થયો. વર્ષ ૨૦૦૦માં ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડે ભારતને મ્હાત આપી હતી. તે મેચમાં ભારતના કેપ્ટન સૌરવ ગાંગુલીએ ૧૧૭ રન ફટકાર્યા હતા.

# OPSની માંગ સાથે રાજકોટનાં ૧૧૦૦ શિક્ષકના PM-CMને પોસ્ટકાર્ડ

### ૭ રાજ્યોમાં લાગુ તો મોડેલ સ્ટેટ ગણાતા ગુજરાતમાં કેમ નહીં?, ૧ મેએ દિલ્હીમાં રાષ્ટ્રવ્યાપી ધરણાની ચીમકી

રાજકોટઃ ભારત દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે વર્ષ ૨૦૦૫ બાદ નવી પેન્શન સ્કીમ લાગુ કરવામાં આવી. જેમાં શિક્ષકો સહિતના કર્મચારીઓને નુકસાન થતું હોવાથી અનેક આંદોલનો કરવામાં આવ્યા અને તેથી કેન્દ્ર સરકાર દ્વારા યુનાઈટેડ પેન્શન સ્કિમ આગામી તારીખ ૧ એપ્રિલથી લાગૂ કરવા માટેની જાહેરાત કરી છે, જેનો પણ ગુજરાતમાં વિરોધ શરૂ થઈ ગયો છે. આજે રાજકોટમાં મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૧૦૦ જેટલા શિક્ષકો દ્વારા ઓલ્ડ પેન્શન સ્કીમ લાગુ કરવાની માંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પોસ્ટકાર્ડ લખવાના અભિયાનનો પ્રારંભ કરાયો છે. આ પોસ્ટકાર્ડમાં શિક્ષકોનું કહેવું છે કે, ઓલ્ડ પેન્શન સ્કીમ અંતર્ગત કોઈ શિક્ષક નિવૃત્ત થાય તો તેઓને રૂ. ૭૦,૦૦૦ જેટલું પેન્શન મળે છે, જ્યારે નવી પેન્શન સ્કીમ અંતર્ગત કોઈ શિક્ષક નિવૃત્ત થાય તો રૂ. ૨૦૦૦ જેટલું પેન્શન મળે છે. જેથી, શિક્ષકો સહિતના તમામ સરકારી કર્મચારીઓ માટે દેશમાં ઓલ્ડ પેન્શન સ્કીમ લાગૂ કરવામાં આવે એવી માંગણી કરે છે. રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, પંજાબ, છતીસગઢ, ઝારખંડ અને કર્ણાટકમાં ઓલ્ડ પેન્શન સ્કીમ લાગૂ છે તો દેશનું રોલ મોડેલ અને વિકાસશીલ રાજ્ય ગણાતા ગુજરાતમાં આ ઓલ્ડ પેન્શન સ્કીમ શા માટે લાગુ નથી? એવો સવાલ મહિલા શિક્ષકે કર્યો હતો.

રાજકોટ અને ગુજરાતથી જેમને સફળતાના શિખરો સર કર્યા એવા વડાપ્રધાન મોદી સમક્ષ પોતાની માંગણી મૂકી હતી તો અન્ય એક શિક્ષક દ્વારા ઓલ્ડ પેન્શન સ્કીમને લઈને કવિતા લલકારવામાં આવી હતી. જેના શબ્દો છે.. કંકુ છાંટી પોસ્ટ કાર્ડ લખ્યા રે.. આગામી ૧ એપ્રિલના યુનાઈટેડ પેન્શન સ્કીમ લાગુ થવાની છે તે દિવસને બ્લેક ડે તરીકે મનાવવા ઉપરાંત ૧ મે ના દિલ્હીના જંતર મંતર ખાતે એક દિવસીય ધરણાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. રાજકોટ મહાનગર પ્રાથમિક શિક્ષક મંડળના પ્રમુખ દિનેશ સદાદીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગર પ્રાથમિક શિક્ષણ મંડળ અને ટીમ ગખ ઘડજ અંતર્ગત આજે રાજકોટના એનપીએસ કર્મચારીઓ દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોસ્ટકાર્ડના માધ્યમથી પત્ર લખવામાં આવેલો છે. નેશનલ પેન્શન સ્કીમ લાગુ કરવામાં આવી ત્યારે સરકાર દ્વારા એવું કહેવામાં આવતું હતું

# તૈયાર રહેજો, અમદાવાદ સહિતના શહેરોમાં આગઝરતી ગરમી પડશે

## આ ઉનાળાની પ્રથમ હીટવેવની આગાહી, તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ૪૩એ પહોંચશે




અમદાવાદઃ રાજ્યમાં માર્ચ મહિનાની શરૂઆત સાથે જ આકરી ગરમી પડવાની શરૂઆત થઈ ચૂકી છે. મોટાભાગના શહેરોમાં તો તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની પાર જવાની આગાહી કરવાની છે. એટલે કે માર્ચની શરૂઆતમાં જ લોકોએ હિટવેવનો સામનો પડે તેવી સ્થિતિ છે. આજે(૯ માર્ચ)ની વાત કરીએ તો, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ અને અમરેલીમાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે. આગામી ચાર દિવસ દરિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનો પારો ૪૦ થી ૪૧ ડિગ્રી પહોંચવાની આગાહી કરવામાં આવી છે. આગળ જાણીશું, ૧૨ માર્ચ સુધી રાજ્યના કયા કયા જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે અને હિટવેવથી બચવા શું કરશો?

આગામી ચાર દિવસ દરમિયાન શેકાવા તૈયાર રહેજો.

રાજ્યમાં ઉનાળાની શરૂઆતમાં જ લોકોને આકરી ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. માર્ચના પ્રારંભમાં જ હવામાન વિભાગે હિટવેવની આગાહી કરી છે. આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લામાં મહત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર થશે.

આગામી ૨૪ કલાક બાદ અમદાવાદ શહેરમાં પણ હીટ વેવ ની શક્યતાઓ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છના મોટાભાગના જિલ્લાઓમાં ગરમીનું યેલો એલર્ટ જાહેર કર્યુ છે. તદુપરાંત ચાર દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ ભેજયુક્ત હોવાને કારણે બફારાનું પણ એલર્ટ જાહેર કર્યુ છે. દરિયાઈ સપાટીથી ૫૦ કિલોમીટર જમીનની સપાટી તરફના વિસ્તારમાં ગરમ ભેજયુક્ત વાતાવરણ સર્જાશે. જેને કારણે અકડામણ અનુભવાય શકે છે. તેથી હવામાન વિભાગ દ્વારા વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ આગામી ત્રણ થી ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ ઉત્તર ગુજરાત દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ થી ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.રાજ્યની અંદર હવામાનની વિધિવત શરુઆત થઈ ગઈ છે. આજે ૯ માર્ચ, ૨૦૨૫થી લઈને ૧૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન રાજ્યની અંદર પવનની દિશા, ગતિ અને ઊંચા તાપમાનનો સામનો આપણે કરવો પડશે. છેલ્લા એક અઠવાડિયાથી પવનની જે સ્પીડ છે તે ૯ કિ.મી. પ્રતિકલાકથી લઈને ૧૩ કિ.મી. પ્રતિકલાક છે. જોકે, ૧૧ માર્ચ, ૨૦૨૫થી પવનની સ્પીડમાં સામાન્ય વધારો થઈ શકે છે. પવનની સ્પીડ ૧૮ કિ.મી. પ્રતિકલાકથી લઈને ૨૨ કિ.મી. પ્રતિકલાક સુધી પહોંચી શકે. ખાસ કરીને પવનો હવે ઉત્તર-પશ્ચિમ દિશામાં ફૂંકાશે એટલે કે અરબ સાગર તરફથી પવનો ફૂંકાશે. આ પવનો ભેજવાળા હશે, જેના કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાત કે જે દરિયાઈ કાંઠાના ભાગો છે એટલે કે સમુદ્રકિનારાથી ૫૦ કિ.મી.થી લઈને ૭૦ કિ.મી. સુધીના વિસ્તારમાં ૧૩ માર્ચ. ૨૦૨૫ સુધી ગરમી, ઉકળાટ અને બફારાનું પ્રમાણ વધુ રહેશે.

હાલ રાજ્યની અંદર તાપમાન ઊંચુ જવાનું છે, જેના કારણે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યની અંદર અનેક જગ્યાએ તાપમાન ૪૦ ડિગ્રીને પાર જશે એવી શક્યતાઓ દેખાઈ રહી છે.

# ખાખરાના વૃક્ષમાં કેસરીના બદલે સફેદ અને પીળા રંગના ફૂલ ખીલ્યાં

## ભેંસાણના છોડવડી ગામે પ્રકૃતિની કમાલ  આધ્યાત્મિક અને આયુર્વેદિક દ્રષ્ટિએ લાભકારક, લુપ્ત થતા અતિ દુર્લભ વૃક્ષનું સંવર્ધન જરૂરી



ભેંસાણ, ભેંસાણ તાલુકાના છોડવડી ગામે પ્રકૃતિની અદ્દભુત કલાકારી નિહાળવા મળી છે. એક ખેડૂતની વાડીમાં ખાખરા(કેસુડા)ના વૃક્ષ પર સફેદ અને પીળા કલરના ફૂલ જોવા મળતા લોકોમાં કુતૂહલ સર્જાયું છે.આ વૃક્ષ આધ્યાત્મિક અને આયુર્વેદિક દ્રષ્ટિએ લાભકારક હોવાનું જાણકારો કહી રહ્યા છે.

સોરઠ પ્રદેશમાં વસંત ઋતુમાં અનેક જગ્યાએ ખાખરાના વૃક્ષમાં કેસુડાના કેસરી ફૂલ લુમેઝુમે ખીલી ઉઠ્યા છે. પરંતુ ખાખરાના વૃક્ષમાં કેસુડાના સફેદ અને પીળા ફૂલ ખીલે એ પ્રકૃતિની અજબ કરામત જ માનવી રહી. છોડવડી ગામે રહેતા વજુભાઈ રાદડીયાની સીમમાં વાડી આવેલી છે. તેમની વાડીમાં લુપ્ત થવા જઈ રહેલું સફેદ ખાખરાનું વૃક્ષ આવેલું છે અને તેમાં કેસરીને બદલે સફેદ તથા પીળા ફૂલ આવ્યા છે. કુદરતની પ્રાકૃતિક લીલાને નિહાળવા લોકો દૂર દૂરથી આવે છે અને સફેદ ફુલને જોઈ અચંબિત બને છે. ખેડૂત પ્રવિણભાઇ અને જાણકારોનું કહેવું છે કે, સફેદ ખાખરાના ફુલનું આધ્યાત્મિક અને આયુર્વેદિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ રહેલું છે. વૃક્ષ નીચે બેસીને ધ્યાન કરવાથી એકાગ્રતામાં વધારો થાય છે અને નકારાત્મક વિચારો દૂર થાય છે. આ વૃક્ષ લુપ્ત થવાના આરે છે. પરંતુ વાડીમાં રહેલા વૃક્ષનું પુરી કાળજી સાથે ઉછેર કરી સંવર્ધન કરી રહ્યા છે. સરકારના બાગાયતી અને વનસ્પતિ વિભાગ દ્વારા પણ અતિ દુર્લભ સફેદ ખાખરાના વૃક્ષ જ્યાં જોવા મળે ત્યાં તેના સંવર્ધન માટે પૂરતા પ્રયાસો થાય તેમજ તેના રોપા બનાવવામાં આવે જરૂરી છે.

# રાજુલાના રામપરા ગામની શેરીઓમાં સિંહો શ્વાનની જેમ આંટા મારે છે



અમરેલી, સૌરાષ્ટ્રમાં સૌથી વધુ સિંહોનું સામ્રાજ્ય અમરેલી વિસ્તારનું જિલ્લામાં જોવા મળી રહ્યું છે. સિંહોના હુમલાની ઘટનાઓ બાદ હવે પશુઓના મારણ પણ વધી રહ્યા છે. આ વચ્ચે રાજુલા તાલુકાના રામપરા ગામમાં ફરી સિંહોએ ધામા નાખ્યા છે કેટલાક દિવસોથી સિંહો રાત પડે અને ગામની શેરીઓમાં શ્વાનની જેમ ફરતા જોવા મળી રહ્યા છે. જેના કારણે ગ્રામજનોમાં ફફડાટ સાથે રોષ ફાટી નીકળ્યો છે.

રામપરા ગામનાં સરપંચ સહિતના ગ્રામજનો દ્વારા શેત્રુંજી ડિવિઝનના ડી.સી.એફ.થી લઇ વનમંત્રી સુધી લેખિત અને મૌખિત રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ મળ્યું નથી. જેના કારણે વનવિભાગના અધિકારીઓ સામે નારાજગી જોવા મળી રહી છે. બે સીસીટીવી ફૂટેજ ગ્રામજનો દ્વારા જાહેર કરવામાં આવી રહ્યા છે, જેમાં સિંહોનું ટોળું રામપરા ગામની શેરીઓમાં ખુલ્લે આમ ફરી રહ્યું છે. જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. રાત્રીના સમયે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે.રામપરા ગામની શેરીઓમાં છ જેટલા સિંહોનું ટોળું ઘૂસી જતા અફડા તફડી મચે છે. પશુઓના ટોળા સિંહોને જોઈ જીવ બચાવવા બજારમાં દોડધામ કરી ભાગતા જોવા મળ્યો છે. આ ઘટનામાં સિંહ શિકાર કરવા પશુઓ પાછળ હોટ મૂકો છે. અને છલાંગ લગાવી નાનકડા પશુને દબોચી લે છે. અન્ય પશુઓ જીવ બચાવવામાં સફળ રહે છે.

# આજે "સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સ દિવસ"

## "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" થીમ અન્વયે અનોખી પહેલ સાથે સાયકલ રેલી યોજી સી.આઈ.એસ.એફ. દિવસની ઉજવણી કરાશે": એડિશનલ ડાયરેક્ટર જનરલ

રાજકોટઃ ભારતના સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સને ૧૦ માર્ચના રોજ ૫૬ વર્ષ પૂર્ણ થતાં એક નવી પહેલ સાથે સી.આઈ.એસ.એફ. દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" થીમ અન્વયે સાયકલ રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, તેમ CISFના એડિશનલ ડાયરેક્ટર જનરલશ્રી સુધીર કુમારે જણાવ્યું હતું.

આ સાયકલ રેલીના બે પ્રારંભિક બિંદુઓ ગુજરાતના લખપત અને પશ્ચિમ બંગાળના બક્કાલીથી શરૂ કરીને કન્યાકુમારી સુધી અંદાજે તટીય વિસ્તારનું આશરે ૬૦૦૦ કિ.મી.નું અંતર કાપવામાં આવશે. જેમાં અનેક પડકારોનો સામના સાથે ૧૪ મહિલાઓ સહિત કુલ ૧૨૫ સી.આઈ.એસ.એફ.ના જવાનો ૨૫ દિવસની યાત્રા કરશે. આ સાયકલ રેલી ભારતના મુંબઈ, ગોવા, મેંગ્લોર, કોચી, હલ્દિયા, કોણાર્ક, વિઝાગ, ચેન્નાઈ, પોંડિચેરી સહિતના મુખ્ય દરિયાકાંઠાના શહેરોમાંથી પસાર થશે. તેમજ ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ કન્યાકુમારીમાં સ્વામી વિવેકાનંદ સ્મારક ખાતે રેલીનું સમાપન થશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ દ્વારા તમિલનાડુના રાનીપેટ જિલ્લાના ઠક્કોલમ સ્થિત CISF પ્રાદેશિક તાલીમ કેન્દ્રથી વર્ચ્યુઅલી સાયક્લોથોનને લીલી ઝંડી આપી હતી. લાંબા અંતરના સાયકલિંગના કૌશલ્યોને વિકસાવી શકે તે માટે સાયકલ સવારોએ વ્યાવસાયિક સાયકલિસ્ટો સાથે વિશેષ તાલીમ સત્રમાં ભાગ લીધો છે. જેમાં સાયકલની જાળવણી, યોગ્ય મુદ્રા અને અસરકારક પેડલિંગ ટેકનિક જેવી મહત્વની બાબતો શીખવવામાં આવી હતી.




આ સાયકલ રેલી ગુજરાતના લખપતથી શરુ થઇ મોરબીના માળિયા થઇ જામનગરના જોડિયાથી દ્વારકાના વાડીનાર એમ તટીય વિસ્તારથી નીકળશે. સી.આઈ.એસ.એફ. રાજકોટના ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી અમનદીપ સીરસવાના માર્ગદર્શન મુજબ અને સી.આઈ.એસ.એફ. વિજીલન્સશ્રી અશોક વાળાના સહયોગથી સાયકલ રેલીનું સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા જમવાની અને અન્ય વ્યવસ્થાઓ, પોલીસ વિભાગ દ્વારા બંદોબસ્ત અને આરોગ્ય વિભાગ દ્વારા એમ્બ્યુલન્સ અને અન્ય આરોગ્યલક્ષી પાયાની સુવિધા આપવામાં આવશે. ઉપરાંત, સ્થાનિક લોકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો અને પદાધિકારીઓ તેઓનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહેશે.

આ અદ્ભુત યાત્રા સી.આઈ.એસ.એફ.ની સમુદ્ર કાંઠાની સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ભારતની આર્થિક સમૃદ્ધિ માટે તેઓની મહત્વની ભૂમિકાનો પ્રબળ સંદેશ પૂરો પાડશે. ભારતની વિસ્તૃત તટલાઈન ૨૫૦થી વધુ બંદરગાહોનું ઘર છે. જેમાં ૭૨ મોટા બંદરો છે, જે દેશના ૯૫% વેપાર અને મોટાભાગના તેલ આયાતને સંભાળે છે. આ બંદરગાહો વેપાર માટે મહત્વના પ્રવેશદ્વાર છે અને રિફાઈનરી, શિપયાર્ડ અને ન્યુક્લિયર પાવર પ્લાંટ્સ જેવા મહત્ત્વપૂર્ણ બાંધકામો ધરાવે છે, જેના કારણે તેમની સુરક્ષા ખૂબ જ આવશ્યક બની જાય છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર હેઠળના ઔદ્યોગિક એકમોની સલામતી માટે રચવામાં આવેલું ખાસ દળ એટલે "કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ". તા.૧૦ માર્ચ ૧૯૬૯ના રોજ "કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ" ()ની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં પોલાદનાં કારખાનાં,

### પર્યાવરણ બચાવવા બેવડું વલણ

# સોલારમાં સબસિડી મળે, ઈલેક્ટ્રિક વાહનમાં બંધ કરી દેવાતા ૬૦% વેચાણ ઘટી ગયું

રાજકોટઃ પર્યાવરણીય સમસ્યાઓને ધ્યાનમાં લેતા અને ઇંધણની વધતી જતી માંગને પહોંચી વળવા ઈ-વાહનોનો ઉપયોગ વધારવા ઉપર પણ સરકાર ભાર આપી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પર્યાવરણ બચાવવા માટે સરકારનું બેવડું વલણ હોવાની વાત સામે આવી છે. એકબાજુ જે વીજગ્રાહકો પોતાના છત ઉપર સોલર રૂફટોપ ફિટ કરાવે તો તેને રૂ.૭૮ હજાર સુધીની સબસીડી મળી રહી છે જ્યારે બીજી બાજુ પ્રદૂષણ અટકાવતા ઈલેક્ટ્રિક વાહનમાં આશરે છેલ્લા ૬ મહિનાથી સબસીડી બંધ કરી દેવાતાં ઈલેક્ટ્રિક ટુ વ્હિલરનું વેચાણ એક જ વર્ષમાં આશરે ૬૦% જેટલું ઘટી ગયું છે. ઈલેક્ટ્રિક ટુ વ્હિલર ઉપર સરકાર આશરે રૂ.૨૦ હજાર સબસીડી આપતી હતી. રાજકોટમાં વર્ષ ૨૦૨૩માં ૭૬૨૪ ઈલેક્ટ્રિક વાહન RTOમાં નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૪માં ઘટીને ૩૧૨૯ થઈ



ગયા! શહેરમાં આશરે ૧.૨૫ લાખ વીજગ્રાહકોએ છત પર સોલાર રૂફટોપ નખાવ્યું અને સબસિડીનો પણ લાભ લીધો.

ઈલેક્ટ્રિક વાહનનો સૌથી મોટો ફાયદો એ છે કે, તે પર્યાવરણને સ્વચ્છ રાખવામાં મદદરૂપ છે. હાલ રાજકોટ સહિત રાજ્યભરમાં ઈલેક્ટ્રિક ટુ વ્હિલર ઉપરની આશરે રૂ.૨૦ હજારની સબસીડી બંધ કરી દેવાતાં વાહનચાલકો ઓછો રસ દાખવી રહ્યા છે.સોલારમાં 2KV સુધી 30 હજાર, 3KV સુધી ૪૮ હજાર, 3KV થી વધુ ઉપર 78 હજાર સબસિડી પીએમ સૂર્ય ઘર યોજનામાં ૨ કિલોવોટ સુધીની ક્ષમતાની સોલર પેનલો લગાવવા માટે રૂ.30 હજાર, ૩ કિલોવોટ સુધીની ક્ષમતાની સોલર પેનલ લગાવવા માટે રૂ.૪૮ હજાર તેમજ ૩ કિલોવોટ કે તેથી ઉપરની પેનલ લગાવવા માટે રૂ.૭૮ હજારની સબસીડી આપવામાં આવે છે. સોલાર રૂફટોપ લગાવવાનું પ્રમાણ છેલ્લે કેટલાક સમયથી ખુબ વધ્યું છે. સોલારનો ઉપયોગ કરના અનેક ગ્રાહકો છે જે પોતાની જરૂરિયાતથી વધુ વીજળી ઉત્પન્ન કરી વીજકંપનીને રૂ. ૨.૨૫ રૂપિયા પ્રતિ યુનિટ લેખે વીજળી વેચે છે અને આવક પણ મેળવે છે.

સૌરાષ્ટ્રમાં અઢી લાખ વીજગ્રાહકો સોલારથી આત્મનિર્ભર, PGVCLને વીજળી વેચે છેસૌરાષ્ટ્રમાં સૌથી વધુ રાજકોટમાં આશરે સવા લાખ વીજગ્રાહકોએ સોલાર પેનલ લગાવી હોવાનું જાણવા મળ્યું છે. પર્યાવરણ અને સૃષ્ટિના જતન માટે સરકારે સોલાર રૂફટોપ યોજના જાહેર કરી છે. ધારો કે કોઇ વીજગ્રાહક ૧ કિલોવોટનું સોલાર રૂફટોપ ફિટ કરાવે તો આ સિસ્ટમ દરરોજ ૪ યુનિટ એટલે મહિને ૧૨૦ યુનિટ ઊર્જા ઉત્પન્ન કરશે. સૌરાષ્ટ્રમાં આશરે અઢી લાખ વીજગ્રાહકો એવા આત્મનિર્ભર છે જે વીજળી માટે પીજીવીસીએલ ઉપર આધાર રાખતા નથી, પરંતુ પોતે જ સોલાર રૂફટોપ લગાવીને વીજળી ઉત્પન્ન કરી પીજીવીસીએલને વેચે છે.

શહેરમાં આશરે ૧.૨૫ લાખ વીજગ્રાહકોએ છત પર સોલાર રૂફટોપ નખાવી સબસિડીનો પણ લાભ લીધો રાજકોટ RTOમાં વર્ષ ૨૦૨૩માં ૭૬૨૪ ઈલેક્ટ્રિક વાહન નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૪માં ઘટીને ૩૧૨૯ થઈ ગયા. છેલ્લા ૬ મહિનાથી EVનાં વાહનોની નોંધણી ઓછી થઇ છે રાજકોટ આરટીઓમાં છેલ્લા આશરે ૬ મહિનાથી ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી ઓછી થઇ છે.

## રાજકોટથી લાલકુઆં સ્પેશિયલ ટ્રેન દોડાવાશે, સોમવારથી બુકિંગ

રાજકોટઃ મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટથી લાલકુઆં (ઉત્તરાખંડ) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટથી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૪.૦૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૧૦ માર્ચ, ૨૦૨૫થી ૨૮ એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૩.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૯ માર્ચથી ૨૭ એપ્રિલ સુધી ચાલશે. આ ટ્રેન વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન સહિતના સ્ટેશન પર રોકાશે.

# જ્ઞાન સાધના સ્કોલરશિપ પરીક્ષા માટે ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરાશે

## ઘણા છાત્રોને ફોર્મ ભરવાના બાકી રહી જતાં બોર્ડે મુદત વધારી

રાજકોટઃ ધોરણ ૧થી ૮માં સરકારી અથવા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કરી ધોરણ ૮નો અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેમજ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળામાં ધોરણ ૧માં પ્રવેશ મેળવી ધોરણ ૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ શરૂ કરવામાં આવેલી છે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ માટે ૨૯ માર્ચે પરીક્ષા લેવાશે.

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની ૬ માર્ચ સુધીની મુદત અપાઈ હતી, પરંતુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી હોવાનું જણાતા રાજ્ય પરીક્ષા બોર્ડે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓ હવે ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે.

ધોરણ ૯થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે રાજ્યના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીને દર વર્ષે પસંદ કરીને સ્કોલરશિપ આપવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી સ્કોલરશિપ પરીક્ષાને લઈને જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ ૬ માર્ચ સુધી ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે મુદત પૂર્ણ થયા બાદ પણ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયો છે.

### ફાયર વિભાગની સરાહનીય કામગીરી

# રેસકોર્સ નજીક બાળક ફ્લેટમાં લોક થઈ ગયું, ફાયરની ટીમે ત્વરિત દોડી જઈ રેસ્ક્યૂ કર્યુ



રાજકોટ મનપાનાં ફાયર વિભાગ દ્વારા આફતનાં સમયે સઘન કામગીરી કરવામાં આવતી હોય છે. સામાન્ય રીતે ફાયર વિભાગ માત્ર આગ બુઝાવવાની કામગીરી કરે તેવી લોકોમાં માન્યતા હોય છે. પરંતુ આ સિવાય પણ ફાયર વિભાગની ટીમ દ્વારા રેસ્ક્યૂ સહિતની કામગીરી કરવામાં આવતી હોય છે. આજે આવી જ એક ઘટનામાં રેસકોર્સ નજીક એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે આવેલા ફ્લેટમાં કોઈક કારણોસર બાળક લોક થયાની જાણ થતાં ફાયરની ટીમો દોડી ગઈ હતી. ગણતરીની મિનિટોમાં લોકને ખોલી બાળકને સહીસલામત રીતે રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું, જેને લઈને પરિવારે આભાર માન્યો હતો.

ફાયર વિભાગના સ્ટેશન ઓફિસર સંજય મકવાણાએ આ અંગે દિવ્ય ભાસ્કર સાથેની ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, રેસકોર્સ રિંગ રોડ પરનાં શિવધારા સામે રઘુનાથ-૨ એપાર્ટમેન્ટ આવેલું છે. એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે આવેલા એક ફ્લેટમાં દેવપ્રકાશભાઈ હરદેવસિંહનું નાનું બાળક લોક થઈ ગયું હોવાની જાણકારી મળી હતી. સવારે ૯:૩૯ મિનિટે આ જાણકારી મળતા જ ફાયરની ગાડી અને એમ્બ્યુલન્સ રવાના કરાઈ હતી. સ્થળ ઉપર પહોંચી તાત્કાલિક લોક ખોલી બાળકને સલામત બહાર કાઢવામાં આવ્યું હતું. જેને લઈને આ બાળકના પિતા દેવપ્રકાશભાઈ સહિત પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે ફાયર વિભાગ આગની ઘટનાઓમાં જ કામ કરે છે, તેવી ધારણા મોટાભાગના લોકોમાં હોય છે. પરંતુ આગ સિવાયના ઘણા બનાવોમાં પણ ફાયર વિભાગનાં જવાનો સતર્કતાપૂર્વક કામ કરીને લોકોનો જીવ બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. આજે બનેલી ઘટના દ્વારા ફાયર વિભાગે વધુ એકવાર પોતાની સતર્કતાની સાબિતી આપી છે. આજે ફ્લેટમાં લોક થયેલા બાળકને સહી સલામત બહાર કાઢી લેવામાં આવતા પરિવાર સહિત આસપાસના લોકોએ પણ ફાયરની ટીમની આ કામગીરીને બિરદાવી હતી.

# બેડી, નવાગામ ઘેડ, સોલેરિયમ અને સમર્પણ ઝોન વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે

જામનગરઃ જામનગરમાં સોમવારે બેડી, નવાગામ ઘેડ, સોલેરિયમ અને સમર્પણ ઝોન વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે. આથી આ ઝોન હેઠળના ૪૫૦૦૦ પરિવારને પાણી મળશે નહીં. આથી શહેરીજનોએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે. ધુંવાવ પાસે પુલ નીચેથી પસાર થતી મુખ્ય પાઈપલાઈનનું શીફ્ટીંગ કર્યા બાદ જોડાણ સહિતની કામગીરીના કારણે પાણી વિતરણ બંધ રહેશે. જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા તા.૧૦ માર્ચને સોમવારે ધુંવાવ ગામ પાસે નવા બનતા બ્રિજની નીચેથી પસાર થતી ૧૧૦૦ એમએમ ડાયાની પાઈપ લાઈન શિફ્ટીંગ કરવામા આવી છે. તેનું જોડાણ અને તેને આનુસાંગીક કામગીરી કરવા માટે સોમવારે શહેરમાં બેડી, સોલેરીયમ, નવાગામ ઘેડ અને સમર્પણ ઝોન હેઠળના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. જેમાં સમર્પણ ઝોન-એ હેઠળ આવતા શીવમ સોસાયટી, ઓશવાળ-



૨,૩,૪, પટેલનગરી, સુંદરમ સોસાયટી, મહાવીર પાર્ક ૧ થી ૩, શિવમ પાર્ક ૧ થી ૩, સિદ્ધિ પાર્ક ૧ થી ૩, કેવલીયાવાડી, મેહુલનગર, ગોકુલધામ, પંડિત દીનદયાલ આવાસ, દવા બજાર, અંધાઆશ્રમ, હનુમાન ચોક, હિરાપાર્ક, ચેમ્બર કોલોની, ધનંજય સોસાયટી, પ્રગતિ પાર્ક, અજંતા સોસાયટી, મયુર પાર્ક, લક્ષ્મીપાર્ક, વાસાવીરા, રેવન્યુ કોલોની, અપૂર્વ રેસીડેન્સી, સમર્પણ વિલા, મયુરવિલા, ધરારનગર-૧ વિસ્તારનો સમાવેશ થાય છે. જ્યારે સોલેરીયમ ઝોન-બી હેઠળ આવતા ગાંધીનગર મેઈન રોડ, મોમાઈનગર ૧ થી ૫, ગોકુલધામ, નહેરૂનગર, મચ્છરનગર, પુનતિનગર, માજોઠીનગર, શાંતિનગર, શાસ્ત્રીનગર, લાલબહાદુર સોસા., પટેલ કોલોની ૧ થી ૧૨, રોડ નં. ૧ અને ૨, મંગલબાગ ૧ થી ૪, આહીર બોર્ડીંગ પુનાતર હોસ્પીટલ વાળો વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે. તદઉપરાંત નવાગામ ઘેડ ઝોન-એ હેઠળ આવતાં ખડખડનગર, જાસોલીયા, ગાયત્રી ચોક, સિદ્ધેશ્વર સોસા., વિવેકાનંદ સોસા., દલીતવાસ, માડમ ફળી, ઈન્દિરા સોસા., મધુવન સોસા., કબીરનગર, આનંદ સોસા., મિલન સોસા., લક્ષ્મી એપાર્ટમેન્ટ, વિનાયક પાર્ક, જસવંત સોસા., માતૃ આશિષ ૪ અને ૫, નાઘેરવાસ, સરસ્વતી સોસાયટી, માસ્તર સોસા., વિમલપાર્ક, કેશુભાઈની વાડી, વિગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. બેડી ઝોન-બી હેઠળ આવતા જોડીયા ભુંગા, માધાપર ભુંગા, ગરીબનગર, પાણાખાણ નવી લાઈન, દિવેલીયા ચાલી, જૂનું પાણાખાણ, નવું પાણાખાણ, સલીમ બાપુના મદ્રેસા વિગેરે તમામ વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરીનું ૧૫ દિવસ વહેલું આગમન

### ૧૦ કિલોના બોક્સના ૩૧૦૦ સુધીના ભાવ, રત્નાગિરી હાફુસ પણ માર્કેટમાં




ગોંડલઃઉનાળાની શરૂઆત સાથે જ ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરી અને રત્નાગિરીની હાફુસ કેરીનું આગમન થયું છે. ગુજરાતના અગ્રણી ગોંડલ માર્કેટ યાર્ડમાં પ્રથમ દિવસે જ કેસર કેરીના ૨૨ બોક્સની આવક નોંધાઈ છે. કેસર કેરીની સપ્લાય ગીરગઢડા તાલુકાના નિતી, ગીર કે઼ઠારીયા અને સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામેથી થઈ છે. કેસર કેરીની હરાજીમાં ૧૦ કિલોના બોક્સના ભાવ ૨૫૦૦થી ૩૧૦૦ સુધી બોલાયા છે.છેલ્લા બે-ત્રણ દિવસથી યાર્ડમાં રત્નાગિરીની હાફુસ કેરીની પણ આવક શરૂ થઈ છે. હાફુસ કેરીના ૧૨ કિલોના બોક્સનો ભાવ ૫૫૦૦ બોલાયો છે. વર્તમાન આવકને જોતાં અંદાજ છે કે સૌરાષ્ટ્રના આ મહત્વપૂર્ણ માર્કેટ યાર્ડમાં આગામી સપ્તાહથી કેરીની આવકમાં નોંધપાત્ર વધારો થશે.

# રાજકોટની લોક અદાલતમાં ૧,૩૧,૪૯૪ કેસનો નિકાલ

## પ્રિ-લિટિગેશન અને ઈમેમોના ૬૫,૩૯૨, ચેક રિટર્નના ૨,૯૯૮; લગ્ન વિષયક તકરારના ૯૫ અને ફેમિલી કોર્ટના ૨૪૪ કેસનો થયો નિકાલ



રાજકોટઃદર વર્ષે ચાર વખત લોક અદાલતનું આયોજન કરવામાં આવતું હોય છે જે અંતર્ગત આજે લોક અદાલત યોજાઈ હતી. જેમાં અલગ અલગ કુલ ૧,૩૧,૪૯૪ કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો. સૌથી વધુ પ્રિ-લિટિગેશન તથા ઈમેમોના ૬૫,૩૯૨ કેસ, ચેક રિટર્નના ૨૯૯૮, લગ્ન વિષયક તકરારના ૯૫, અને ફેમિલી કોર્ટના ૨૪૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રિ-લિટિગેશન નિકાલમાં ૪.૮૦ કરોડની રકમનું સમાધાન થવા પામ્યું છે.

રાષ્ટ્રીય મેગા લોક અદાલતનું આયોજન રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ, ન્યુ દિલ્હીના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે કરવામાં આવ્યું હતું તેના ભાગરૂપે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતામંડળ, અમદાવાદના ઉપક્રમે નામદાર હાઈકોર્ટના ચીફ જસ્ટીસ, એકઝિકયુટીવ ચેરમેન, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળના મેમ્બર સેક્રેટરી, જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, જિલ્લા ન્યાયાલય રાજકોટના ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજના માર્ગદર્શન હેઠળ આજ રોજ તા. ૮.૩.૨૦૨૫ મેગા લોક અદાલતનું ઉદઘાટન પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ અને ચેરમેન જિલ્લા કાનૂની સેવાસતા મંડળ તથા અન્ય એડી. ડિસ્ટ્રીકટ જજ અને રાજકોટ બારના હોદેદારો દ્વારા કરવામાં આવ્યું છે. આજના લોક અદાલતમાં વિવિધ પ્રકારના પેન્ડિંગ કેસો તથા પ્રિ-લિટિગેશન કેસો મળી કુલ ૧,૩૧,૪૯૪ કેસો હાથ પર લેવામાં આવ્યા હતા. જેમાંથી આજ રોજ મોટર અકસ્માત વળતરના કુલ ૩૨૮ કેસોનો સમાધાન રાહે નિકાલ થયો છે, જેમા રૂ. ૨૦,૬૦,૬૨,૦૧૭ જેટલી રકમનું સમાધાન થયું છે. તેમજ ચેક રીર્ટનના કુલ ૨,૯૯૮ કેસોનો સમાધાન રાહે નિકાલ થયો છે જેમા કુલ રૂ. ૧૩,૧૨,૩૦,૬૫૪ જેટલી રકમનું સમાધાન થયું છે. તેમજ લગ્ન વિષયક તકરાર અંગેના કુલ ૯૫ કેસોમાં સમાાન રાહે નિકાલ થયો છે.

જયારે પ્રિ-લિટિગેશન તથા ઇ-મેમો સાથેના કેસો કુલ ૬૫,૩૯૨ કેસોનો પ્રિ-લિટિગેશનમાં નિકાલ થયો છે, જેમા કુલ રૂ. ૪,૮૦,૭૪,૫૨૭ જેટલી રકમનું સમાધાન થયું છે. આ તમામ કેસો મળી કુલ ૪,૪૧૭ પેન્ડિંગ કેસો તથા ફેમિલી કોર્ટના કુલ ૨૪૪ કેસોનો નિકાલ થયો છે. આમ આજ રોજ મેગા લોક અદાલતમાં કુલ ૮૫,૫૨૧ કેસોનો નિકાલ થયો છે.

# ફેબ્રુઆરીમાં ફ્રોડનો ભોગ બનેલા અરજદારોને પાંચ લાખની રકમ પરત અપાવતી ગાંધીગ્રામ પોલીસ





રાજકોટઃહાલનાં સમયમા લોકો લોભ, લાલચ કે ડરનાં કારણે અથવા ટેકનોલોજીની જાણકારીનાં અભાવે સાયબર ક્રાઈમનો ભોગ બની રહયા છે ત્યારે રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારનાં લોકોને સાયબર ફ્રોડનાં બનાવ વિશે મદદ જોઇતી હોય અથવા તો સાયબર ક્રાઈમનો ભોગ બને ત્યારે તેઓને અરજીની ફરીયાદમા તવરીત કાર્યવાહી કરી તેઓનાં સાયબર ફ્રોડમા ગયેલા પૈસા પરત અપવવા મદદનીશ પોલીસ કમિશનર રાધીકા ભારાઈને સુચના આપી હોય જે અનુસંધાને ગાંધીગ્રામ પીઆઈ એસ. આર. મેઘાણીનાં માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશનનાં સાયબર સ્કવોડ ટીમનાં પીએસઆઇ એસ. બી. જાડેજા, હરેશભાઇ ગોહીલ, અને રાવતભાઇ મકવાણા સહીતનાં સ્ટાફે હેલ્પલાઇન નં ૧૯૩૦ પરથી આવતી અરજી તપાસનાં કારણે સાયબર ફ્રોડનાં ભોગ બનેલા લોકોનાં નાણા કોર્ટ કાર્યવાહી અથવા બેંક ગેટવે દ્વારા પરત અપાવવાની કામગીરી કરે છે ત્યારે ગાંધીગ્રામ પોલીસ વિસ્તારના અરજદારો સાથે થયેલા સાયબર ફ્રોડનાં બનાવમા સાયબર સ્કવોડની ટીમે રૂ. ૫ લાખની રકમ અરજદારોને પરત અપાવી હતી.

# ૫૦ વર્ષ જુની - સડી ગયેલી લાઇનમાંથી દુષિત પાણીનું વિતરણ

## પાંચ વોર્ડમાં ખુબ ફરિયાદો કોર્પો. નિકાલ નહીં કરી શકતા હેલ્પલાઇન જાહેર કરતી કોંગ્રેસ ધુળેટી બાદ મનપામાં હોળી કરવા તૈયારી

રાજકોટ, તા. ૮

શહેરના પોશ વિસ્તારો સહિત અનેક વિસ્તારોમાં ઉનાળાના પ્રારંભે જ ડહોળા અને ગંધાતા ગટરના પાણીનું વિતરણ થઈ રહ્યું છે. રાજકોટને હિન્દુસ્તાનના નકશામાં શિકાગો અને સ્માર્ટ સિટીના બણગાં ફુંકનારા શાસકો ડહોળા અને ગંધાતા પાણી વરીયાળી શરબત જેવું પાણી વિતરણ થઈ રહ્યું છે ત્યારે વિપક્ષે આ ફરિયાદ નોંધવા ખાસ હેલ્પલાઇન નંબર જાહેર કર્યો છે.

શહેરના વોંડ ૧૦,૧૧,૧૨,૧૩,૧૪ સહિતના અનેક વોર્ડમાં અને વિસ્તારોમાં ડહોળા અને ગંધાતા પાણીની વ્યાપક ફરિયાદો છે. ડીઆઇ પાઈપલાઇન ન હોવાને પગલે જે જૂની લાઈનો છે તે પચાસેક વર્ષ જૂની હોવાને પગલે ભંગાર અને ખખડધજ થઈ ગયેલ છે છાશવારે લાઈન ફોલ્ટની ફરિયાદો આવે છે તે રેકોર્ડ પર પણ મૌજુદ છે. શહેરમાં ડ્રેનેજ લાઈનના પાણી પીવાની પાણીની લાઈન સાથે ભળી ગયા હોવાની વ્યાપક ફરિયાદો પણ કોલ સેન્ટરમાં નોંધાયેલી છે.

ત્યારે આ પ્રકારની ફરિયાદો ઉકેલવામાં તંત્ર વામણું પુરવાર થયું છે. મહિનાઓથી વરિયાળી શરબત જેવું પાણી આવતું હોવાને પગલે પાણીજન્ય રોગચાળો વકર્યો છે. એક બાજુ મચ્છરનો ત્રાસ બીજી બાજુ ગંદા અને ગટરના પાણી વિતરણ થી લોકો ત્રસ્ત છે. અંધેર તંત્ર સામાન્ય માણસની ફરિયાદો ઉકેલતી નથી અને ભ્રષ્ટાચારમાં ગળાડુબ રહે છે.

ત્યારે ગંધાતા અને દુર્ગંધયુક્ત પાણી વિતરણ અંગે રાજકોટના કોઈપણ નાગરિકોને ફરિયાદ હોય તો તે શહેર કોંગ્રેસ સમિતિના હેલ્પલાઇન નંબર ૯૪૨૬૪ ૪૩૫૧૧ પર આધાર પુરાવા સાથે ફરિયાદ કરી શકે છે અથવા બે નકલમાં કોંગ્રેસ સમિતિ, જાગનાથ ૪૧, રેસકોર્સ સામે, જિલ્લા પંચાયત ચોક, હોટલ લેમન ટ્રી વાળી શેરીમાં બે નકલમાં લેખિત ફરિયાદ તા. ૧૬ પહેલા મોકલી આપવા જણાવાયું છે.

આ તમામ ફરિયાદોના તાત્કાલિક નિરાકરણ આવે એ માટે કમિશનરને લેખિતમાં ફોરવર્ડ કરી ઝોનના સીટી ઈજનેરને ધ્યાન દોરવામાં આવશે. આગામી ધુળેટી બાદ આવેલ ફરિયાદો અંગે જે તે વોર્ડમાં અને કોર્પો.માં નાગરિકોને સાથે રાખી આંદોલન કરવાનો તખ્તો ઘડવામાં આવશે તેમ શહેર પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# શ્રી પ્રેમ પરિવાર - કાલાવડ દ્વારા આયોજિત પદયાત્રા સેવા કેમ્પમાં દ્વારકા જિલ્લાના કલેક્ટર, એસપી અને ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ દ્વારા મુલાકાત





રિપોર્ટરઃ તુષાર વાદી

દ્વારકા, તા. ૧૦ઃ શ્રી પ્રેમ પરીવાર - કાલાવડ દ્વારા આયોજિત પદયાત્રા સેવા કેમ્પમાં આજે દ્વારકા જિલ્લાના મુખ્ય અધિકારીઓએ મુલાકાત લીધી અને સેવાકીય પ્રવૃત્તિઓની ઊંડી પ્રશંસા કરી.પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ શ્રી એસ.વી.વ્યાસ, જિલ્લા કલેકટર શ્રી રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક શ્રી નિતેશ પાંડેય, ખંભાળિયા પ્રાંત અધિકારી શ્રી કે. કે. કરમટા સહિતનાએ વિવિધ સેવા કેમ્પની મુલાકાત કરી હતી. અને પદયાત્રીઓ માટે કરવામાં આવેલી ભોજન વ્યવસ્થા, રાત્રી રોકાણની વ્યવસ્થા, પ્રાથમિક આરોગ્ય સહિતની સુવિધાઓ નિહાળી હતી. શ્રી પ્રેમ પરિવારના સ્વયંસેવકોની નિષ્ઠાભરી સેવાના વખાણ કર્યા.

**મફત આરોગ્ય ચકાસણીઃ** પદયાત્રીઓ માટે તબીબી પરીક્ષણ, દવાઓ અને આરોગ્ય સલાહ આપવામાં આવી.પદયાત્રીઓને સાત્વિક ભોજન, તાજા પાણી અને પૌષ્ટિક આહાર પૂરો પાડવામાં આવ્યો. યાત્રીઓ આરામ કરી શકે તે માટે વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું.

**સ્વચ્છતા અને સલામતીઃ** જળસંપત્તિ અને સ્વચ્છતા અંગે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું.

દ્વારકા જિલ્લાના કલેક્ટરશ્રીએ શ્રી પ્રેમ પરિવારના સક્રિય સેવા અભિગમને બિરદાવતાં જણાવ્યું કે, ‘‘આ કેમ્પ સત્ય સાધનાનું ઉત્તમ ઉદાહરણ છે. પદયાત્રીઓ માટે આવા સેવાકીય પ્રોજેક્ટ સમાજ માટે પ્રેરણાદાયક છે.‘‘

જિલ્લા પોલીસ વડા (SP) એ પણ વ્યવસ્થાઓની પ્રશંસા કરતા કહ્યું, ‘‘આ કેમ્પ માત્ર આરામ અને ભોજન માટે જ નહીં, પણ યાત્રાળુઓની સલામતી અને આરોગ્ય માટે પણ ઉત્તમ કામગીરી કરી રહ્યો છે.‘‘

ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજએ જણાવ્યું કે, ‘‘સેવા એ જ સત્ય છે, અને શ્રી પ્રેમ પરિવાર આ અમૂલ્ય કાર્ય કરી રહ્યો છે, જે પ્રશંસનીય છે.‘‘

મુખ્ય અધિકારીઓ દ્વારા પ્રશંસાપત્ર અને શબ્દોથી વધામણ કરવામાં આવતા શ્રી પ્રેમ પરિવારના તમામ સભ્યોમાં ઉત્સાહ જોવા મળ્યો. તેઓએ કહ્યું કે, ‘‘આવા આશીર્વચન અને હેતાળ આપતી મુલાકાત અમને વધુ પ્રેરણા આપશે. આ યાત્રા દરમિયાન હજારો યાત્રાળુઓને આ કેમ્પ દ્વારા લાભ મળશે અને તેઓએ પણ પ્રેમ પરીવારની સેવાનો આનંદ અનુભવ્યો.



રિપોર્ટરઃ તુષાર વાદી

દેવભૂમિ દ્વારકા ખાતે હોળી-ધુળેટીના પર્વ નિમિતે ફૂલડોલ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જામનગર સહીત અન્ય જીલ્લાઓમાંથી શ્રદ્ધાળુઓ પગપાળા જઈ રહ્યા છે. યાત્રીઓની સેવા અર્થે જે જગ્યાઓ પર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં જામનગર કલેકટરશ્રી કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પમાં દવાઓની સુવિધા તેમજ યાત્રીઓને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે. જેથી કરીને તેઓનું આરોગ્ય સ્વસ્થ રહે. જામનગર જીલ્લા વહીવટી તંત્રની આ ઉમદા કામગીરી બદલ લોકો સરકાર અને આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કરી રહ્યા છે.



ફાગણી પૂનમ નિમિત્તે ડાકોરના શ્રી રણછોડરાયજીનું મંદિર શિખરનો નજારો રાત્રીના સમયે આબેહૂબ લાગે છે.



CALL 181
મહિલા હેલ્પલાઇન
સલાહ • બચાવ–મદદ • સૂચન–માર્ગદર્શન

# ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન નંબરની મદદથી અનેક મહિલાઓના જીવનમાં ઉગ્યું નવી આશાનું કિરણ

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનના ગુજરાતમાં સફળતાપૂર્વક ૧૦ વર્ષ પુર્ણ

### ■ ઘટનાસ્થળ ઉપર જઈ કાઉન્સેલર સહિતની ટીમ દ્વારા ગુજરાત રાજ્યમાં ૩,૨૪,૪૦૧ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૦૪૭થી વધુ મહિલાઓને મદદ કરી હૂંફ અપાઈ

ગુજરાત રાજ્યની વિશેષતા છે કે, પ્રત્યેક બાબતમાં આગવી પહેલ થકી લોકોને સરળતાથી જન કલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત કરી શકાય તે માટે સંવેદનશીલ નિર્ણયો થકી પ્રતિબદ્ધતા સાથે અસરકારક પ્રયાસો કરવામાં આવે છે. મહિલાઓ માટે ચિંતિત સરકાર દ્વારા અનેક મહિલાલક્ષી નિર્ણયો, કાર્યક્રમો, યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે મહિલા હેલ્પલાઈનની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ, ૨૦૧૫ ‘‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ‘‘ના રોજ રાજ્યવ્યાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરુ કરવામાં આવી હતી.

હાલ ૧૮૧ મહિલા હેલ્પલાઈન હેઠળ ગુજરાત રાજ્યમાં કુલ ૫૯ રેસ્ક્યુવાનનો કાફલો ૨૪x૭ મહિલાઓની સલામતી અને સુરક્ષાની કામગીરીમાં કાર્યાન્વિત છે. ૧૦ વર્ષનાં સમયગાળામાં ગુજરાત રાજ્યમાંથી ૧૬,૧૬,૮૪૪ થી વધારે કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ, માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું છે. અને ‘‘૧૮૧‘‘, નંબરની મદદથી અનેક મહિલાઓના જીવનમાં નવી આશાનું કિરણ ઉગ્યું છે. તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સેલર જઈને ૩,૨૪,૪૦૧ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને સહાયતા કરી હૂંફ આપી છે.

સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરીએ તો, જિલ્લામાં હાલ એક ૧૮૧ રેસ્ક્યુ વાન ટીમ કાર્યરત છે. ૧૦ વર્ષની સફળ કામગીરી દરમ્યાન ૧૮૧ ‘અભયમ’ મહિલા હેલ્પ લાઈન દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૩૪,૪૪૧ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ- સુચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડી સહાયતા કરવામાં આવી છે. તેમજ ઘટનાસ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સેલર સહિતની ટીમ દ્વારા ૬૦૪૭ જેટલી મહિલાઓને મદદ પુરી પાડવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪માં ૧૮૧ ‘અભયમ’ મહિલા હેલ્પ લાઈન દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૭૮૧ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સેલર સહિતની ટીમ દ્વારા મદદ પુરી પાડવામાં આવી હતી. જેમાંથી કુશળ કાઉન્સેલિંગ દ્વારા ૫૧૧ જેટલા કિસ્સાઓમાં સ્થળ પર જ સમાધાનકારી નિરાકરણ લાવવામાં સફળતા મળી હતી. તેમજ ૨૨૦ થી વધુ કિસ્સાઓમાં ગંભીર પ્રકારની સમસ્યા જણાતા પીડિતાને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, ઓ.એસ.સી. વગેરે સંસ્થાઓ સુધી લઈ જઈને ન્યાય અપાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. અન્ય ઘણા કિસ્સાઓમાં પીડિતા ઘર વિહોણા કે અજાણ્યા મળી આવ્યા હોય તેવા પીડિતાઓને આશ્રયગૃહમાં આશરો પણ પૂરો પાડવામાં આવ્યો છે. ઘણા કિસ્સાઓમાં ભૂલા પડેલા કે વૃદ્ધ અવસ્થાના કારણે ઘરેથી ભૂલા પડેલ હોય તેવા કિસ્સાઓમાં ૧૮૧ ટીમના કુશળ કાઉન્સેલિંગ અને સૂઝબૂઝથી તેઓના પરિવાર સુધી પહોંચાડવાની ઉમદા કામગીરી પણ સુપેરે પાર પાડવામાં આવી છે.

### મહિલાઓ આ સેવા અંતર્ગત મુખ્યત્વે નીચે મુજબની સેવાઓ મેળવી શકે છે

કોઈ મહિલા ઉપર કોઈ હિંસા થઇ રહી હોય તો તેને તાત્કાલિક તેમાંથી બચાવવા માટે રેસ્ક્યુની સેવા. જરૂરી માહિતીમાં સ્થાનિક સ્તરે ઉપલબ્ધ વિવિધ સરકારી સેવાઓ જેવી કે, મહિલા પોલીસ સ્ટેશન, વન સ્ટોપ સેન્ટર, મફત કાનૂની સહાય સેવાઓ, કાઉન્સેલિંગ સેન્ટર, સ્વયંસેવી સંસ્થાઓ, મહિલા અને બાલ વિકાસ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, મહિલા આયોગ,નારી સંરક્ષણ ગૃહ સહિતના મહત્વના માળખાઓની સંપર્ક માહિતી તેમજ વાતચીત દ્વારા સીધી જ માહિતી મળી શકે. સરકારશ્રી દ્વારા મહિલાઓના વિકાસ માટે શરૂ કરવામાં આવેલી વિવિધ યોજનાઓ અને તે મેળવવા માટેના સ્થાનિક સંપર્કની માહિતી પણ આપવામાં આવે છે.

### ૧૮૧ હેલ્પલાઇનની વિશેષતા

મહિલાઓ સામે થતી ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને સલાહ-સુચનની કામગીરી હાથ ધરવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાને તાત્કાલિક સહાય આપી છે.

પીડિત મહિલાને ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ અને માર્ગદર્શન પૂરું પાડવું.

મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓની પ્રાથમિક માહિતી પૂરી પાડવી.

લગ્નજીવન તેમજ અન્ય સંબંધોના વિખવાદો જાતીય તેમજ બાળ જન્મને લગતી બાબતો જરૂરિયાત મુજબ સલાહ- સુચન, માર્ગદર્શન અને બચાવ

# પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રની રાજકોટ ખાતે મુલાકાત લેતા સંસદ સભ્ય રાજ્યસભા રામભાઈ મોકરીયા

રાજકોટ, તા. ૧૦: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૭ માર્ચ ૨૦૧૯ ના રોજ સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર ખોલીને શુભઆરંભ કરેલ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર દ્વારા કોઈપણ વ્યક્તિને આ કેન્દ્ર ઉપરથી પીસ્કીશન પ્રમાણે બજાર કિંમત કરતા ૫૦ થી ૮૦% જેટલી સસ્તા દરે દવાઓ ઉપલબ્ધ થાય છે તે માટે વ્યવસ્થા કરી છે માનનીય વડાપ્રધાન શ્રી એ આ ઉમદા યોજનાની સિદ્ધિઓનો પ્રચાર અને પ્રસાર કરવા આ યોજના ને વધુ વેગ આપવા માટે વર્ષ ૨૦૧૯માં સાતમી માર્ચને સમગ્ર ભારતમાં જન ઔષધી દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. ૨૦૨૫ના રોજ ૭મી જન ઔષધી દિવસની ઉજવણી નિમિત્તે આ યોજનાઓ ના પ્રચાર કરવા માટે દેશભરમાં જન ઔષધી કેન્દ્રની સંખ્યા ૧૦,૦૦૦ થી વધારી ને પ્રભાવશાળી ૨૫ હજાર કેન્દ્રો કરવાની જાહેરાત કરી.




તા ૨૮/૦૨/૨૦૨૫ ને સ્થિતિએ દેશના તમામ જિલ્લાઓને આવરી લેતા ૩૬ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમગ્ર દેશમાં ૧૫,૦૦૦ જન ઔષધી કેન્દ્ર (JAKS) કાર્યરત છે. જન ઔષધી દવાઓની કિંમત ઓછામાં ઓછી ૫૦% અને કેટલા કિસ્સાઓમાં બ્રાન્ડેડ દવાઓની બજાર કિંમત કરતા ૮૦% જેટલી સસ્તી છે. PMBJPની પ્રોડક્ટ બાસ્કેટ માં ૨૦૪૭ દવાઓ અને ૩૦૦ સજીર્કલ અને ઉપયોગમાં લઈ શકાય તેવી દવાઓ વેચાણ માટે સમાવેશ કરેલ છે. પ્રધાનમંત્રી જન ઔષધી ની ઉમદા યોજના દ્વારા લોકોની ૩૦,૦૦૦ કરોડની બચત થઈ છે.આ ઉમદા યોજના ૭ માર્ચ ૨૦૧૯ થી શરૂ થઈ છે અને સને ૨૦૨૨ માં ૪ થી જન ઔષધી દિવસ ની ઉજવણી દરમિયાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના ૫ કેન્દ્રોમાં સુરત મૈસુર રાયપુર પટના અને ભુવનેશ્વરી કેન્દ્રો ના માલિકો અને લાભાર્થીઓ સાથે ઓનલાઈન વાર્તાલાપ કરેલ છે.

આ ૭મી માર્ચ જન ઔષધી દિવસની ઉજવણી નિમિત્તે યોજનાઓની સિદ્ધિઓના પ્રચાર પ્રસાર કરવા માટે અને તેના લાભ વિશે લોકમાં જાગૃતિ લાવવા માટે આ યોજનાની પ્રવૃત્તિઓ માટે કેન્દ્રના માલિકો, લાભાર્થીઓ, ડોક્ટર, ફાર્માસિસ્ટ, એનજીઓ, સામાજિક કાર્યકરો અને મીડિયાના સંકલનમાં રહીને ગોઠવણી કરવામાં આવી છે . આ ઉમદા યોજનાઓને બહોળો પ્રચાર થાય તે માટે કેન્દ્રના મંત્રીઓ, માનનીય સાંસદો , ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવોને તેમના મતવિસ્તારમાં ૭મીએ માર્ચ (JAKS) જન ઔષધી કેન્દ્રની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવી છે.

# ઘોડાધાર સૂર્યમુખી હનુમાનજી ચોકથી કણકોટ-રામનગરના ડામર રોડ કામનું ખાતમુહૂર્ત કરાયું

રાજકોટ, તા. ૧૦: કૃષ્ણનગર-કણકોટ-રામનગર ગ્રામજનો દ્વારા શ્રીમતી ભાનુબેન બાબરીયા, માન. મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી, શ્રી પરષોતમભાઈ રૂપાલા સાહેબ, માન. સાંસદશ્રી-રાજકોટ લોકસભા, શ્રી નાગદાનભાઈ ચાવડા, પૂર્વ પ્રમુખ, રાજકોટ જિલ્લા ભાજપા શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, પ્રમુખશ્રી, રાજકોટ જિલ્લા પંચાયત. તથા બેડી-૩ સીટના રાજકોટ જિલ્લા પંચાયત સદસ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ), શ્રી વિક્રમભાઈ હૂંબલ, સદસ્ય પ્રતિનિધિ, રાજકોટ તાલુકા પંચાયતને રજૂઆત કરતાં તાત્કાલિક ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને અને જિલ્લા ભાજપા પ્રભારી ધવલભાઈ દવે અને રાજકોટ જિલ્લા ભાજપા પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા તથા રાજકોટ જિલ્લા ભાજપાના મહામંત્રીશ્રીઓ અને જયેશભાઈ બોઘરા, ચેરમેનશ્રી, રાજકોટ માર્કેટિંગ યાર્ડને રજૂઆત કરતાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ દ્વારા તાત્કાલિક અસર થી ઘોડાધાર સૂર્યમુખી હનુમાનજી ચોક થી રામનગર ગામ સુધી ડામર રોડના કામ માં અંકે રૂ.૧૨૦.૦૦ લાખ



મંજૂર કરવામાં આવ્યા હતા. અને આ વર્ષો જૂનો પ્રશ્ન હલ થતાં આજ તા.૦૫-૦૩-૨૦૨૫ ના રોજ ઘોડાધાર સૂર્યમુખી હનુમાનજી ચોક થી કણકોટ- રામનગર ગામ સુધી ડામર રોડ કામનું ખાત મુર્હત કરવામાં આવ્યું હતું.

આ ખાત મુર્હત કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા પંચાયત બેડી-૩ સદસ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ), શ્રી વિક્રમભાઈ હૂંબલ, સદસ્ય પ્રતિનિધિ, રાજકોટ તાલુકા પંચાયત કૃષ્ણનગર-કણકોટ-રામનગર ગ્રામજનો તથા ગામના આગેવાનો સર્વે શ્રી સરપંચ શ્રી હસમુખભાઈ વેકરીયા, ઉપ સરપંચશ્રી હરિભાઇ ગમારા, પૂર્વ સરપંચ શ્રી પરેશભાઈ વ્યાસ, લાલજીભાઈ વિરાણી, મનીષભાઈ, પિયુષભાઈ, સંદીપભાઈ નંદાણીયા, દેવજીભાઈ પાનસુરીયા, હાર્દિકભાઈ લીલા, ભચલુંભાઈ ફતેપરા, પ્રેમજીભાઈ રાઠોડ, પ્રવીણભાઈ ફોજી, જેનતીભાઈ વડાલીયા, મગનભાઈ મેઘાણી, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય પ્રેમજીભાઈ દાફડા તેમજ ભાવેશભાઈ બોઘરા, સાગરભાઈ વિરાણી, ભાવેશભાઈ ડોબરીયા-ઉપ સરપંચશ્રી તેમજ આશિષભાઈ વિરાણી, દિનેશભાઈ દામજીભાઈ, આશિષ જેનતીભાઈ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી હર્ષની લાગણી અનુભવી રહ્યા હતા.

# રાજકોટમાં ભારત સેવક સમાજ દ્વારા વિશ્વ મહિલા દિનની અનોખી ઉજવણી

■ **વર્ષોથી સાથે રહેતા ૯૧ સાસુ વહુઓને સર્ટીફીકેટ, ભેટ આપી સન્માનિત કરાયા**




રાજકોટ, તા. ૧૦: ભારત સેવક સમાજ દ્વારા આજે ૮ માર્ચે વિશ્વ મહિલા દિન નિમિત્તે પાંચ વર્ષ કરતાં વધુ સમયથી સાથે રહેતા સાસુ વહુના સન્માનનો કાર્યક્રમ રેસકોર્સ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મહિલા અગ્રણીઓના હસ્તે ૯૧ સાસુ વહુઓને સર્ટીફીકેટ અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ તકે ત્રણ- ત્રણ ,ચાર -ચાર પેઢીથી સાથે રહેતા સાસુ વહુએ સંયુક્ત કુટુંબના આનંદ અને મહિલાદિને સાસુ વહુના સન્માન વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. મહિલા દિને ઉપસ્થિત સાસુઓને વહુઓએ વંદન કર્યા હતા.

આ આ પ્રસંગે ભારત સેવક સમાજના મંત્રીશ્રી જનાર્દનભાઈ પંડ્યાએ ઉપસ્થિત મહેમાનોને આવકારી કાર્યક્રમની હેતુ જણાવ્યો હતો કે, આ કાર્યક્રમના માધ્યમથી ઘટતા જતા સંયુક્ત કુટુંબો અને બધા જ હતા વૃદ્ધાશ્રમોમાં ત્રણ ત્રણ દાયકાથી અને ત્રણ ત્રણ પેઢીઓ સાથે રહેતા સાસુ વહુઓ અન્યોને પણ પ્રેરણા આપશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેલ માહિતી વિભાગનાં સહાયક માહિતી નિયામક પારૂલબેન આડેસરા, એ ઉપસ્થિત સાસુ વહુઓ ને ભારતીય સંસ્કૃતિ પ્રણાલી સંયુક્ત કુટુંબ પ્રથાને મહત્વ આપવા બદલ અભિનંદન આપીને બહેનોમાં પડી શક્તિને સામાજિક રાષ્ટ્રહિતના કાર્યમાં વાપરવા અપીલ કરી હતી. મહેમાન પદે ઉપસ્થિત નિશાબેન મનીષભાઈ દોશીએ ઉપસ્થિત મહિલાઓને આર્થિક ઉન્નતિ માટે પ્રેરિત કર્યા હતા તો સંગીતાબેન શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અગ્રણીશ્રી રાજેશભાઈ ભાતેલિયાએ બહેનોને આરોગ્ય પ્રત્યે સજાગ રહેવા અને પોષણ આયુક્ત આહાર બનાવવા ઉપર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પ્રોજેક્ટ ઇન્ચાર્જ સોનલબેન વાછાણી એ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જનાર્દનપંડ્યા, રાજેશભાઈ જે ભાતેલિયા, એલ એસ સૈયદ, જીતેશભાઈ પંડિત ,એડવોકેટ પરેશભાઈ પંડ્યા તેમજ એડવોકેટ ત્રંબકભાઈ જોશી, દક્ષાબેન વ્યાસ, રાજુભાઈ વ્યાસ, વગેરેના માર્ગદર્શન હેઠળ કાર્યકરો જહેમંત ઉઠાવી હતી. તેમ ભારત સેવક સમાજ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# બેડી ગામે મચ્છરજન્ય રોગ અટકાવવા આરોગ્ય ટીમની સર્વેલન્સ કામગીરી યોજાઇ



રાજકોટ, તા. ૧૦: બેડી ગામના ગ્રામજનો દ્વારા રાજકોટ જિલ્લા પંચાયત ના બેડી-૩ સીટના સદસ્ય સુમિતાબેન રાજાભાઈ ચાવડા અને રાજકોટ તાલુકા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ ડાભીને રજૂઆત કરતાં તાત્કાલિક અસર થી બેડી ગામ પાસે આવેલી નદીમાં મચ્છર ઉપદ્રવ અટકાયત તથા ફાઈલેરિયા (હાથીપગો) અને સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી

રાજકોટ જિલ્લાના બેડી ગામ પાસે આવેલી નદીમાં મચ્છરોનો ઉપદ્રવ ખુબ જ વધારે હોય તેથી સ્થાનિક લોકોના આરોગ્ય માટે જોખમ ઊભું ન થાય તે માટે મચ્છરના ઉપદ્રવ અટકાવવા માટે રાજકોટ જિલ્લા પંચાયતના બેડી-૩ સીટના સદસ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડા અને રાજકોટ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભરતભાઈ ડાભી અને બેડી ગામના સરપંચ પ્રતાપભાઈ રિબડિયા તથા બેડી ગામના ઉપ સરપંચ મુન્નાભાઈ શિયાળ દ્વારા રાજકોટ જિલ્લા પંચાયતના માન. જિલ્લા વિકાસ અધીકારીશ્રી ડો. અનંદુ સુરેશ ગોવિંદ સાહેબશ્રી તેમજ માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.આર. ફુલમાલી સાહેબના માર્ગદર્શન અને જિલ્લા મેલેરિયા અધિકારી શ્રી ગૌરાંગ ઉપાધ્યાય ને સાથે રાખી જેમાં મચ્છરના ઉપદ્રવ અટકાવવા માટે આ કામગીરીમાં આરોગ્ય વિભાગની ૧૦ ટીમો સંકળાઈ છે, જે નદી અને આસપાસના વિસ્તારોમાં મચ્છર જન્ય રોગો અટકાવવા માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા આ કામગીરી સાથે સાથે આગામી તારીખઃ ૬/૩/૨૫ ના રોજ રાત્રિના સમયે ફાઈલેરિયા રોગની તપાસ માટે ગ્રામજનોના લોહીના નમૂનાઓ લઈ તેની લેબોરેટરી તપાસ પણ કરવા માટેનું ખાસ આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૦ ટીમો બનાવવામાં આવેલ છે. દરેક ટીમમાં બે MPHW રહેશે. બે સુપરવીઝન ની ટીમ બાનાવવામાં આવેલ જેમાં મેડીકલ ઓફિસર અને MPHS રહેશે.

રાત્રિના કામગીરી સુપરવિજનમાં જિલ્લા મેલેરિયા અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ઉપસ્થિત રહી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. ગામમાથી કુલ-300 લોહીના નમૂના તપાસ માટે લેવામાં આવેલ છે જેની તપાસ દ્વારા ભવિષ્યમાં પણ કોઈ વ્યક્તિ હાથીપગા ન બને તેની ખાત્રી કરવામાં આવશે.

## છાપરામાં સરદાર પટેલની પ્રતિમાનું ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા હસ્તે અનાવરણ કરાયું



રાજકોટ જિલ્લાના કાલાવડ હાઈવે ઉપર આવેલા છાપરા ગામે આવેલ શુભ ઈન્ડસ્ટ્રીયલ ઝોન-૯ ખાતે સરદાર ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું અને સાથે સરદાર ચોકનું નામકરણ પણ કરવામાં આવ્યું. આ અવસર પર ધારાસભ્ય જયેશ રાદડિયા, ગુજરાત ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા અને શુભ ડેવલોપર્સના બી.એમ. પટેલ, નીકાવા ગામના સરપંચશ્રી રાજુભાઈ મારવીયા તથા ગ્રૂપના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા. તેઓએ સરદાર પટેલના જીવન અને તેમના કાર્ય વિશે જણાવ્યું અને આ સ્મારકના મહત્વને ઉજાગર કર્યું. આ કાર્યક્રમ દ્વારા સરદાર પટેલની સંસ્કૃતિ અને દેશસેવાના વિચારોને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

# ઢોલરા ગામે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની પ્રેરણાદાયી ઉજવણી

### ■ મહિલા, કિશોરી તથા બાળકો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ– મહિલાઓની સાફલ્ય ગાથાઓની રજૂઆત



રાજકોટ, તા. ૧૦: આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'' નિમિત્તે ઢોલરા ગામે હેલ્થ ચેકઅપ કેમ તેમજ મહિલા સભાનું એક અનોખું આયોજન સરપંચ શ્રી શોભનાબેન રોહિતભાઈ કાછડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં મહિલા, કિશોરી તથા બાળકોનું આરોગ્ય ચેકઅપ કરવામાં આવ્યું હતું. મહિલા સભામાં સરપંચશ્રીએ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ''નું મહત્વ સમજાવી મહિલાઓને પ્રેરણા મળે એવા દ્રષ્ટાંતો રજૂ કર્યા હતા. જેમામાં સીતા, તારામતી, દ્રૌપદી, રાણી લક્ષ્મીબાઈ વગેરે જેવી વીરાંગનાઓ, અને ગુજરાતના પહેલા મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કે જેઓ એક ઉત્કૃષ્ટ શિક્ષક, ઉત્કૃષ્ટ માતા તથા ઉત્કૃષ્ટ રાજકારણી તરીકેની કામગીરી બજાવી રહ્યા છે, તેઓનો સમાવેશ કરાયો હતો

નારી પણ સશક્ત અને પુરુષ સમોવડી હોવાનું જણાવી આપણે પણ આવા જ વિરલ કામો થકી કુટુંબ, ગામ, સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી બનીશું તેવી પ્રતિજ્ઞા સરપંચશ્રી શોભનાબેને આ કાર્યક્રમમાં લેવડાવી હતી.

# સયુંક્ત નૈતિક માનવ અધિકાર સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



અહેવાલઃ રસિક વેગડા

સયુંક્ત નૈતિક માનવ અધિકાર સમિતિ ના ચેરમેન શ્રી નિલેશભાઈ જોશી સાહેબ અને રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા શ્રીમતી એશાબેન શાહ તથા ગુજરાત રાજ્ય અધ્યક્ષ શ્રી કિશોરસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ કચ્છ જીલ્લા ટીમ દ્વારા આજે વિવિધ સ્થળો પર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં (૧) સાયબર ક્રાઇમ બ્રાન્ચના મહિલા પોલીસ ને સન્માનિત કરવામાં આવ્યા (૨) આરોગ્યકેન્દ્ર મેઘપરના શ્રીમતી હંસાબેન પીનારા તેમજ મહિલા સ્ટાફને સન્માનિત કરવામાં આવ્યા (૩) અભ્યમ ટીમ સાથે અંજારમાં વિવિધ રીતે આત્મનિર્ભર થયેલ ૧૧ બહેનોને સન્માનિત કરવામાં આવ્યા હતા (૪) વૃદ્ધાશ્રમ ''વિસામો'' અંજાર ખાતે રહેતા બુઝુર્ગ મહિલાઓ ને ડ્રાય ફ્રુડ પેકેટ સપ્રેમ ભેટ આપી આશિર્વાદ મેળવી મહિલા દિવસ ની ઉજવણી કરવામાં આવી (૫) રામબાગ હોસ્પિટલ આદિપુર ખાતે આઈ સ્પેશ્યાલિસ્ટ ડો. કમલાબેન સાદીયા તેમજ મહિલા સ્ટાફને સન્માનિત કરવામાં આવ્યા હતા. (૬) ઓમ મુસ્કાન ટ્રસ્ટના ગીતાબેન ચાવડા ને એમના સેવાકીય કાર્યો માટે સન્માનિત કરવામાં આવ્યા હતા (૭) શ્યામા ગ્રુપ અંજાર ખાતે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટના મહિલા ખેલાડીઓ તેમજ અન્ય મહિલાઓ તથા આયોજક મહિલાઓ તેમજ UNHRC કચ્છ જીલ્લા ટીમ ના સક્રીય મહિલાઓ ને સન્માનિત કરવામાં આવ્યા હતા આજ ના કાર્યક્રમ ને સફળ બનાવવા માટે UNHRC કચ્છ જીલ્લા ટીમના મુખ્ય હોદેદારો શ્રી મુકેશભાઈ મકવાણા, શ્રીમતી દક્ષાબેન જોશી, એડવોકેટ પૂજાબેન બારમેડા , શ્રીમતી જયશ્રીબેન લોદરીયા, શ્રીમતી નિરુપમાબેન પાંધી, શ્રી કર્ણપ સચદે, શ્રી સહદેવસિંહ જાડેજા, શ્રી અશોકસિંહ જાડેજા, શ્રી અકબરખાન જાલોરી, શ્રી જીતેન્દ્ર પંચાલ, શ્રી મોહન રામચંદાની ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખાસ જહેમત ઉઠાવી હતી ને આજના આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ખૂબ જ સરસ રીતે ઉજવણી કરવામાં આવી હતી ને આ કાર્યક્રમ ભવ્ય સફળ રહ્યો હતો.

## રૂડા દ્વારા ૧૯ આવાસ સીલ ૧૫ ક્વાર્ટર પરત લેવા નોટીસ ફટકારાઈ



રાજકોટ, તા. ૮

રૂડા દ્વારા દસ્તાવેજ કે ભાડા કરાર ન કરાવનાર ૧૯ લાભાર્થીના આવાસ સીલ કરવામાં આવ્યા છે. તો ૧૫ આવાસ ધારકોને કબ્જો પરત લેવા નોટીસ ફટકારવામાં આવી છે.રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગતપરિશ્રમ અને આદિત્ય-૭૯ હાઉસિંગ કો.ઓપરેટીવ સર્વિસ સોસાયટી ખાતે આવાસધારકો દ્વારા આવાસના દસ્તાવેજ, ભાડાકરાર કરાવેલ ન હોય તેવા ૧૯ લાભાર્થીઓના આવાસોને રૂડા દ્વારા સીલ મારી આવાસનો કબજો પરત લેવામા આવેલ છે. આ ઉપરાંત આદર્શ અને શ્રી હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટીના ૧૫ આવાસધારકોને કબજો પરત લેવા માટેની નોટિસ પાઠવેલ છે.

# ધાણક કોલેજ બગસરામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી





અહેવાલઃ ભાવેશ વાઘેલા-અમરેલી

બગસરા, તા. ૧૦ઃ તા.૦૮મી માર્ચના રોજ બગસરાની ધાણક કોલેજમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ખૂબ જ સુંદર રીતે ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને બે ભાગમાં વહેંચી પ્રથમ ભાગમાં વિદ્વાનોનાં વક્તવ્ય ગોઠવ્યાં હતાં. વિદ્યાર્થીનીઓમાં મૂલ્યોનું સિંચન થાય, તે હેતુસર આજના વિશેષ દિવસે કોલેજના આચાર્યશ્રી ડો.એસ.ડી.મોરી તથા મહિલા સશક્તિકરણનાં કો- ઓર્ડીનેટર ડો.નયનાબેન પટેલની રાહબરી હેઠળ થીમને ચરિતાર્થ કરતા કાર્યક્રમનું આયોજન થયું હતું. કોલેજના આચાર્યશ્રી ડો.એસ.ડી.મોરી સાહેબે મહેમાનોને આવકારી પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. તેમણે મહિલાઓને પુરૂષ સમોવડી બનવાનું આહવાન કર્યું હતું. ડો.મધુબેને બંને બ્રહ્માકુમારી દીદીઓનો તેમજ સંસ્થાનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર અમરેલીનાં મુખ્ય સંચાલિકા બ્ર.કુ.ગીતાબેને ‘‘વર્તમાન સમયમાં વિદ્યાર્થિનીઓમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણની જરૂરિયાત‘‘ વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. તેમણે આ સમયે દીકરીઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની જાય છે, તે માટે માનસિક તેમજ શારીરિક સશક્તિકરણ પર ભાર મૂક્યો હતો. બગસરા સેવાકેન્દ્રનાં મુખ્ય સંચાલિકા બ્ર.કુ.રસીલાબેને દીકરીઓને માતા-પિતાના વિશ્વાસને અકબંધ રાખી, અભ્યાસમાં વિશેષ ધ્યાન આપવાનું સૂચન કર્યું હતું. તેમણે નારી શક્તિને બિરદાવી બ્રહ્માકુમારીઝ સંસ્થાના વ્યવસ્થા તંત્રનાં વખાણ કરીને રાજીપો વ્યક્ત કર્યો હતો કે આ સંસ્થાનું સંચાલન મહિલાઓ દ્વારા થઈ રહ્યું છે, જે નારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે કોલેજની વિદ્યાર્થિનીઓને સંસ્થાની મુલાકાત લેવાનું ખાસ નિમંત્રણ આપ્યું હતું. ડો.ટ્વિંકલબેન દ્વારા પધારેલા મહેમાનો તેમજ કાર્યક્રમમાં સહભાગી થનાર દરેકનો આભાર માની આભારદર્શન કરવામાં હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ડો.નયનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના બીજા ભાગમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે મહિલા સશક્તિકરણ દ્વારા વર્ષ દરમિયાન યોજાતી સ્પર્ધાઓમાં વિજેતા સ્પર્ધકોને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા હતા. આ બંને કાર્યક્રમને સફળ બનાવવામાં ડો.નયનાબેન પટેલ, ડો.મધુબેન ફડદુ, ડો.ટ્વિંકલબેન મણવર તેમજ મોનાબેન ચાવડાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.



અહેવાલઃ રસિક વેગડા

અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે આંતરરાસ્ટ્રીય મહીલા દિવસ-૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી પોલીસ સ્ટેશનના અધીકારીઓ તથા મહીલા પોલીસ કર્મચારીઓ દ્વારા આ ઉજવણી મિઠાઈઓ વહેંચી પોલીસ સ્ટેશનના તમામ અધીકારી, કર્મચારીઓ દ્વારા એકા બિજાનુ મો મિઠુ કરાવી ખુબ ઉમળકા ભેર મહિલા દિવસની ઉજવણી કરવામાં અને આ પ્રસંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે.વાઘેલાનાઓ તથા પો.સબ ઈન્સ.કે.એસ.ડાંગર દ્વારા પોલીસમાં ફરજ બજાવતા તમામ મહિલાઓ પ્રત્યે પ્રશંસા આદર અને કાળજી વગેરે બાબતો વિશે અવગત કરી જીવનના દરેક ક્ષેત્રમાં મહિલાઓને આગળ વધવા તેમજ મહિલાઓએ પોતાનું આગવુ કૌશલ્ય, નિપુણતા તેમજ શ્રેષ્ઠતા સાબીત કરી બતાવવા પુરકબળ આપી દરેકને મહીલા દિવસની હાર્દીક શુભકામનાઓ આપવામાં આવેલ તેમજ મહીલા પોલીસ કર્મચારીઓને મહીલા દિવસ યાદગાર બની રહે તે માટે મિઠાઈઓ વહેંચી ભેટ આપવામાં આવી હતી.

## મહિલા દિને બહેનોએ સીટી બસમાં ફ્રી મુસાફરી કરી



આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહાપાલિકાએ કરેલી જાહેરાત મુજબ બહેનોને સીટી બસમાં વિનામુલ્યે મુસાફરી કરવાનો મોકો મળ્યો હતો. આજે સવારથી સીટી અને બીઆરટીએસ બસમાં બેસનારા બહેનોએ ટીકીટ લેવી પડી ન હતી. મહિલા દિનની આ ભેંટથી બહેનો ખુશ થઇ હતી અને ઘણી જગ્યાએ બસની મુસાફરી માટે લાઇન પણ જોવા મળી હતી.

## દાહોદ – ગોધરાનાં શ્રમિકો વતનમાં સરળતાથી અવરજવર કરી શકે તે માટે

# એસ.ટી. નિગમ હોળી - ધુળેટી સ્પેશ્યલ ૧૨૦૦ એકસ્ટ્રા બસો દોડાવશે

### રાજકોટથી જ ૫૦ બસો દોડશે અમરેલી, જુનાગઢ, ભાવનગર, ભુજ ખાતેથી પણ એક્સ્ટ્રા બસો મુકાશે ડાકોર – દ્વારકા માટે ૫૦૦ બસોનું સંચાલન તા. ૧૦થી એક્સ્ટ્રા બસો ઉપડશે



રાજકોટ, તા. ૮

હોળી-ધુળેટીનાં તહેવારો દરમ્યાન રાજકોટ સહિત રાજયભરમાં વસતા દાહોદ-ગોધરા પંથકનાં લાખો શ્રમિકો તેના વતન જઇ શકે તે માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષથી પણ એસ.ટી. નિગમે રાજયભરમાંથી ૧૨૦૦ એકસ્ટ્રા બસો દોડાવવાનું નકકી કર્યુ છે. જેમાં રાજકોટથી જ વધુ ૫૦ બીલો દોડાવાશે.

પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજ્યના નાગરિકોને આગામી હોળી ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી અને સત્વરે યાતાયાતની સુવિધા મળી રહે એ આશયથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા સવિશેષ આયોજન કરાયું છે. આ તહેવારો દરમ્યાન વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે એમ ગુજરાત એસ.ટી.નિગમે જણાવેલ છે.ધુમાં જણાવાયાનુસાર નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની બસોનું સંચાલન કરીને રાજ્યના નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે એ માટે વધારાની પરિવહન સેવા પુરી પાડે દર વર્ષે પુરી પાડે છે.₹રાજ્યના પંચ મહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંત રામપુર, છોટાઉદેપુર વગેરે જિલ્લાના નાગરિકો રાજ્યના અન્ય જીલ્લાઓમાં નોકરી/ વ્યવસાય/ મજૂરી અર્થે આવન જાવન કરે છે. વતનથી બીજા જીલ્લામાં સ્થાયી થયેલ હોય તેવા પરિવારો હોળી-ધૂળેટી જેવા તહેવારોમાં માદરે વતન તરફ મુસાફરી કરતા હોય છે.

જેથી, નાગરીકો પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી જેવા કે અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર વિગેરે જગ્યાએ જવા માટે વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે.

જે પૈકી ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરાશે જ્યારે તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન હોળી-ધૂળેટીના તહેવારો દરમિયાન પણ આ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.ગત વર્ષે ગુજરાત એસ. ટી. દ્વારા ૧૦૦૦ જેટલી બસો દ્વારા ૬૫૦૦ થી વધુ ટ્રીપોનું સંચાલન કરી મુસાફરોને વતન ભણી મોકલવામાં આવેલ. ઉપરાંત ડાકોર રણછોડરાયજી ફૂલડોલોત્સવ માટે ૪૦૦ બસો દ્વારા ૩૦૦૦ ટ્રીપોનું દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનું ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ.. ઉપરથી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને સંચાલન સબંધિત પૂછપરછ માટે નિગમના તમામ ડેપો પરથી અને નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. જેનો રાજ્યના નાગરિકો દ્વારા ખાસ લાભ લેવા નિગમ દ્વારા અનુરોધ કરાયો છે.

# મનપાને લગતી ફરિયાદો માટે હવે એક ટોલ ફ્રી નંબર




હાલમાં રાજકોટ મહાનગરપાલકિા દ્વારા મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮થી અમીનમાર્ગ ખાતે ૨૪૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે, જેમાં હાલમાં રાજકોટ મહાનગરપાલકિા દ્વારા મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮થી અમીનમાર્ગ ખાતે ૨૪૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે, જેમાં વાર્ષિક ૩.૭૫ લાખ ફરિયાદો નોંધવામાં આવે છે. આ માટે મહાનગરપાલકિા દ્વારા લેન્ડલાઈન નંબર ૦૨૮૧ ૨૪૫૦૦૭૭ કે જેમાં ૦૫ હન્ટીંગ લાઈન સામેલ છે તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરનાં નાગરિકો ફોન દ્વારા તેઓની મહાનગરપાલિકાની સેવાઓ અંગે ફરિયાદો નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે.

ભારત સરકારનાં Ministry of Communication Information Technology??? Department Of Telecommunications નાં ()દ્વારા ભારતની તમામ મહાનગરપાલિકાઓની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો માટે અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદોની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરુ કરવામાં આવેલ છે. આ માટે ૧૫૫૩૦૪ નંબરનો શોર્ટ કોડ અમલમાં મુકવામાં આવેલ છે. ભારત સરકારની આ યોજનાનો અમલ રાજકોટ મહાનગરપાલકિા દ્વારા કરવામાં આવેલ છે. હાલમાં કોલ સેન્ટરનાં નંબર ૦૨૮૧-૨૪૫૦૦૭૭ તેમજ ટોલ - ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩નાં સ્થાને શોર્ટ કોર્ડ નંબર ૧૫૫૩૦૪ પરથી લોકો પોતાની મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો નોંધાવી શકશે. હાલમાં મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭ અને ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ ને બદલે એક જ શોર્ટ કોડ ૧૫૫૩૦૪ નંબર ડાયલ કરી સરળતાથી નોંધાવી શકે છે. આગામી તા.૩૧-૦૩-૨૦૨૫ સુધી લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭, ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ અને શોર્ટ કોડ ૧૫૫૩૦૪ પર ફરિયાદો નોંધાવી શકશે. તા.૦૧-૦૪-૨૦૨૫થી મહાનગરપાલિકાને લગત સેવાઓ અંગેની ફરિયાદો ફકત શોર્ટકોડ ૧૫૫૩૦૪ પરથી જ ફરિયાદો નોંધાવી શકાશે.

સમગ્ર દેશમાં એક જ શોર્ટ કોડ નંબર ૧૫૫૩૦૪ દ્વારા મહાનગરપાલિકાઓની સેવાઓ અંગેની ફરિયાદોની નોંધણી, ઉપરોકત નંબર ૧૫૫૩૦૪ને Category ૧ નંબર તરીકે જાહેર કરવામાં આવેલ છે આથી તમામ ટેલિકોમ ઓપરેટરોને ફરજીયાત પણે આ સર્વિસ પ્રોવાઈડ કરવાની રહેશે, અન-રીસ્ટ્રીકટેડ સર્વિસ જે TD Code પર પણ અવેલેબલ થશે.આ ઉપરાંત હાલની કોલ સેન્ટરની સેવાઓને મહાનગરપાલિકાનાં પોતાના ડાર્ક ફાયબર દ્વારા (૧૦ ) મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન સર્વર સાથે કનેક્ટ કરવામાં આવેલ છે. આથી લોકોને મહાનગરપાલિકાની સેવાઓ અંગેની પોતાની ફરિયાદો નોંધાવવામાં સરળતા રહેશે. આ ઉપરાંત મહાનગરપાલિકાની વેબસાઈટ, મોબાઈલ એપ તેમજ વોટ્સએપ ચેટબોટ દ્વારા પણ લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે.

# હિરાસર એરપોર્ટ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહને આવકારતા મહાનુભાવો



કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે બપોરના રાજકોટના આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ ખાતે ખાસ એરક્રાફ્ટમાં ટ્રાન્ઝીટ વીઝીટ માટે આવી પહોંચ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીયમંત્રી અમીત શાહને રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી, રાજકોટ શહેર ભાજપના નવનિયુકત પ્રમુખ માધવ દવે, ધારાસભ્ય જયેશ રાદડીયા, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, પ્રદેશ ભાજપના મહામંત્રી ભરત બોઘરા તથા જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા સહિતના મહાનુભાવોએ આવકારી તેઓનું સ્વાગત કર્યુ હતું તે પ્રસંગની તસ્વીરી ઝલક.

# ડાયલ ૧૧૨ : પોલીસ - આગ - આરોગ્ય સહિત તમામ ઈમરજન્સી સેવા માટે હવે એક જ નંબર

### આગામી માસથી ગુજરાતમાં અમલી રાજ્યભરમાં તાકીદની સહાય માટે ૫૦૦ રક્ષક - વાન પણ તૈનાત કરાશે




રાજકોટ આગામી મહિનેથી તમારે ઈમરજન્સી સમયે અલગ અલગ હેલ્પલાઈન નંબર યાદ રાખવાની જરૂર પડશે નહી. રાજ્ય સરકાર તેમાં હવે એક જ નંબરથી તમામ પ્રકારની ઈમરજન્સી સેવા મળી રહે તે નિશ્ચિત કરશે અને આ માટે ૧૧૨ નંબરને કોમન ઈમરજન્સી નંબર નિશ્ચિત કરાયા છે.નવો આ હેલ્પલાઈન નંબર આગામી માસથી એક્ટીવ બની જશે. જેમાં પોલીસ, આરોગ્ય, આગ સહિતની સેવાઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની વ્યવસ્થા અનેક રાજ્યોમાં સફળતાપૂર્વક લાગુ થઈ છે અને તેના હકારાત્મક પરિણામો મળ્યા છે.સરકારે આ માટે તમામ ઈમરજન્સી સેવા જેવી કે પોલીસ (૧૦૦) આરોગ્ય (૧૦૮) આગ (૧૦૧) બાળ સુરક્ષા (૧૦૯૮) અને અભયમ (૧૮૧)ને એક જ પ્લેટફોર્મ પર લવાશે અને તેમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટ (૧૦૭૦ અને ૧૦૭૭) ને પણ તેમાં જોડી દેવાશે.

આ માટે ગાંધીનગરમાં એક યુનીફાઈડ સેન્ટ્રલાઈઝ કંટ્રોલ એન્ડ કમાન્ડ સિસ્ટમ સેન્ટર ઉભુ કરાયુ છે અને ૧૧૨ પર થતા તમામ કોલ અહીથી અલગ અલગ સેવાને પહોંચશે. આ ઉપરાંત તત્કાલ મદદ માટે ૫૦૦ ખાસ પીસીઆર વાન પણ જેને રક્ષક વાન નામ અપાયુ છે તે પણ એક્ટીવ બની જશે અને તેમાં તબક્કાવાર વધારો થશે.

તા.૩૧ માર્ચ સુધીમાં ૫૦૦ વાન એક્ટીવ થઈ જશે. આ સમગ્ર પ્રોજેક્ટ હાલ ૧૮૧ હેન્ડલ કરી રહેલી એજન્સી ઈએમઆરઆઈ-જીએચએસ જ સંચાલન કરશે. ૧૮૧ ને ગુજરાતમાં સૌથી મહત્વની હેલ્પલાઈન અને હવે તે જ રીતે તમામ સેવાઓ ફાસ્ટ બને તે જોવાશે.

## રૈયાની રૂા.૧૪ કરોડની કિંમતી સરકારી જમીન દબાણ મુકત કરાવતું રેવન્યુ તંત્ર

### સર્વે નં.૩૧૮ પૈકીની ૨૯૦૦ ચો.મી. જમીન ઉપર કારખાના, ગેરેજ, ફરસાણની દુકાનો ખડકાઈ ગઈ હતી

રાજકોટ,તા.૮

તાજેતરમાં જ રાજકોટ જીલ્લા કલેકટરે દરેક મામલતદારોને સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાય ગયેલા દરેક પ્રકારના દબાણો તોડી પાડી અને કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીનો ખુલ્લી કરાવવા આદેશ કર્યા છે.

આ આદેશોનાં પગલે શહેર-તાલુકાનાં મામલતદારો ધડાધડ ગેરકાયદેસર દબાણો હટાવી રહ્યા છે. અને આ દબાણ હટાવ ઝુંબેશનાં ભાગરૂપે ગઈકાલે સાંજે રાજકોટ શહેરના પશ્ચિમ મામલતદાર અજીત જોશી અને તેની ટીમે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જીલ્લા કલેકટરના આદેશ મુજબ શહેરના રૈયા સર્વે નંબરમાં આવેલ રૂા.૧૪ કરોડના મૂલ્યની કિંમતી જમીન દબાણ મુકત કરાવી દીધી હતી.





આ અંગે પશ્ચિમ મામલતદાર અજીત જોશીએ જણાવેલ હતું કે, ઉપરોકત જમીન ઉપર એક ભરવાડ શખ્સે વંડોવાળી લઈ ગેરેજ, કારખાના અને ફરસાણના ઉત્પાદકને ભાડે આપી દીધેલ. આવા ૭ જેટલા ગેરકાયદે દબાણો હટાવવા અગાઉ નોટીસો અપાઈ હતી. છતા દબાણો નહી હટાવાતા ગત સાંજે દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું.મામલતદાર જોશીએ વધુમાં જણાવેલ હતું કે, રૈયા સર્વે નં.૩૧૮ પૈકી ટીપી ૨૨ એફપી ૬૬/૧/૧ની સરકારી જમીન ચો.મી. ૨૯૦૦ પરનું કોમર્શીયલ દબાણ દુર કરવામાં આવેલ છે. સવાલવાળી જમીનની બજાર કિંમત મુજબ વેલ્યુ આશરે ૧૪ કરોડ જેટલી થાય છે. તેમજ જંત્રી મુજબ જમીનની કિંમત ૭ કરોડ જેટલી થાય છે.

## રાજ્યના ૨૬ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની બદલી

### શિક્ષણ વિભાગના નાયબ સચિવ દ્વારા ઓર્ડરોનો લીથો નિકળ્યો

રાજકોટ તા.૮

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના ૨૬ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની બદલી કરવામાં આવી છે. આ અંગેના ઓર્ડરો શિક્ષણ વિભાગના નાયબ સચિવ કે.વી. પટેલ દ્વારા ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.

જેમાં ધોરાજી ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા કાજલ જાનીની બદલી કરી તેઓને જેતપુર મૂકવામાં આવેલ છે. જયારે પાલીતાણા ખાતે ફરજ બજાવતા ડી.ડી. રામાનુજની જસદણ રાજુલા ખાતે ફરજ બજાવતા હિનાબેન ચાંવની બગસરા બદલી કરવામાં આવી છે.

આવી જ રીતે અંજારના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જી.જે. અઘેરાની ગારીયાધાર વેરાવળના



તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એચ.આર. હડીયાની ગાંધીનગર તળાજાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી માધવસિંહ પરમારની ઉમરેઠ (આણંદ) સાવરકુંડલાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ડાંગરની રાજકોટ અને મોરબીના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દિનેશભાઈ ગરચરની જોડીયા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે બદલી કરવામાં આવી છે.

આમ રાજ્યના ૨૬ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની આંતરીક બદલીના હુકમો કરવામાં આવેલ છે.

# ઉનાળાના પ્રારંભે દૂધની ચકાસણી માટે ડ્રાઈવ શરૂ : ૧૫ નમુના લેવાયા

## મોરબી રોડ, કેઠારીયા રોડ, કાલાવડ રોડની ડેરીઓમાં ચેકીંગ : ઓમ રેસ્ટોરન્ટમાંથી પાંચ કિલો વાસી બ્રેડ સહિતના માલનો નાશ કરતું ફૂડ તંત્ર



રાજકોટ, તા. ૮

ઉનાળાના પ્રારંભે મહાપાલિકાની આરોગ્ય શાખા દ્વારા જુદા જુદા વિસ્તારની ડેરીઓમાં વેંચાતા ગાય, ભેંસ અને મીકસ દૂધના નમુના લેવા ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. તે અંતર્ગત મોરબી રોડથી માંડી કાલાવડ રોડ સુધીની ડેરીઓમાંથી ૧૫ નમુના લઇને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

ફૂડ વિભાગે આજે જાહેર કરેલી વિગતો મુજબ મોરબી રોડના મધુવન મેઇન રોડ પર આવેલી અમર ડેરી ફાર્મમાંથી ભેંસનું દુધ, કોઠારીયા રોડ, હુડકો કવાર્ટર બસ સ્ટોપ પાસેની નવનીત ડેરીમાંથી ભેંસનું દૂધ, નિલકંઠ સિનેમા પાસે આવેલ સત્યમ ડેરી, કુવાડવા રોડ ૫૦ ફુટના રોડ પર જાગનાથ ડેરી, હુડકો પોલીસ ચોકી પાસે સુધ્ધાંગ ડેરી, એરપોર્ટ રેસકોર્સ પાર્ક પાસેની નિલકંઠ ડેરી, ભીલવાસ ચોકના નકલંક દુગ્ધાલય, ગાયત્રી નગર મેઇન રોડ પર ઢોલરીયા નગર-૧માં આવેલ રાધેશ્યામ ડેરી, મહાકાળી મંદિર રોડ, જાગનાથ-૨૨ની રામકૃષ્ણ ડેરી, બજરંગવાડી ચોકમાં આવેલ અમૃત ડેરી, ગોકુળ ડેરી, કાલાવડ રોડ પર સત્યસાંઇ હોસ્પિટલ સામેની ગોવર્ધન ડેરીમાંથી મિકસ દૂધના નમુના લેવાયા હતા.

આ સિવાય સત્યસાંઇ રોડ પર મારૂતિ પાર્ક મેઇન રોડની શ્રીનાથજી ડેરી, આલાપ હેરીટેજ સામે પ્રદ્યુમન એપાર્ટમેન્ટમાં શુભમ ડેરીમાંથી ગાયના દૂધના સેમ્પલ લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લુઝ વેચાતા દૂધમાં પાણી સહિતના કોઇ પદાર્થોની ભેળસેળ છે કે નહીં તે ચકાસવા દર વર્ષની જેમ ઉનાળામાં આ તપાસ શરૂ કરવામાં આવી છે. મહાનગરપાલિકાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અંબિકા ટાઉનશીપ,૮૦ ફૂટ રોડ, પટેલ ચોક,ધ કોર્ટ યાર્ડ આગળ આવેલ ઓમ રેસ્ટોરેન્ટ પેઢીની તપાસ કરતા ઉત્પાદનની વિગતો વગરની, એક્સપાયરી ડેટ વીતેલ વાસી બ્રેડ,પીઝા બેઇઝ તથા પાઉં જેવી બેકરી પ્રોડક્ટસ મળીને અંદાજીત પાંચ કિલો.અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવેલ છે.તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા,યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી છે. ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના પંચાયત ચોક થી જે.કે. ચોક યુનિ. રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૮ ધંધાર્થીઓને ત્યાં ૧૮ નમુનાની ચકાસણી કરી હતી. જેમાંથી ૧૩ વેપારીને લાયસન્સ માટે નોટીસ અપાઇ છે. આ વેપારીઓમાં (૧) ધનરાજ કોલ્ડ્રિંક્સ (૨)જોગમાયા ટી સ્ટોલ(૩)ગુરુકૃપા ભેળ (૪)પટેલ પાન (૫)બિપિન રેસ્ટોરેન્ટ (૬)શ્રીગણેશ ખમણ (૭)બજરંગ નાસ્તા(૮)શૌર્ય ગોગળીનો સમાવેશ થાય છે.આ ઉપરાંત (૯)જલારામ અલ્પાહાર (૧૦)જોગમાયા રેસ્ટોરેન્ટ (૧૧)ટિવલાઇટ સોડા શોપ (૧૨)શ્રી ખોડિયાર ગોગળી (૧૩)જય જલારામ ખમણ(૧૪)જય શંકર દાળપકવાન(૧૫)જય અંબે ગાંઠીયા નાસ્તા ઘર (૧૯)ગોલીવાલામાં તપાસ કરવામાં આવી હતી.

# પુરૂષ સમોવડી મહિલા પોલીસનું સન્માન નારી શક્તિને સલામ



રાજકોટ. તા.૦૮

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે રાજકોટ શહેર પોલીસ ફોર્સમાં ફરજ બજાવતાં મહિલા પોલીસ જવાનોનો બહાદુરીને અલગ અલગ પોલીસ મથકના અધિકારીઓ દ્વારા સન્માનીત કરવામાં આવ્યાં હતાં. જેમાં એસઓજી, પ્ર. નગર પોલીસ મથક સહિતના પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા જવાનોને સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ફરજની સાથે સાથે પરીવારની જવાબદારી પણ આ મહિલાઓ ઉઠાવે છે અને બાખૂબી જીવનને સમતોલ કરી એક સમાજને ઉદાહરણ પુરુ પાડે છે. તે તમામ મહિલા જવાન અને અધિકારીઓને પણ સલામ કરે છે.

# મનપામાં નવા કલાર્કની સીધી ભરતી અને વર્ગ ૩-૪માં ભરતી માટે અરજી કરનારા કર્મચારીઓની પરીક્ષા લેવામાં ઘોર વિલંબ

### નવા કલાર્ક વર્ષો જુના સ્ટાફથી સીધા સીનીચર થઇ જશે પછાત વર્ગ કર્મચારી મંડળનો કમિશ્નરને પત્ર



રાજકોટ, તા. ૮

રાજકોટ મહાપાલિકામાં વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી પડેલી જગ્યાઓ ઇનહાઉસ ખાતાકીય પરીક્ષાથી ભરવાની તારીખ જાહેર કરાતી નથી અને બીજી તરફ સામાન્ય ભરતીઓ ચાલુ છે ત્યારે પછાત વર્ગ મ્યુનિ. કર્મચારી મંડળે કમિશ્નરને પત્ર લખી વહેલાસર પરીક્ષા લેવા રજુઆત કરી છે.

મંડળના પ્રમુખ અશોકભાઇ રાઠોડ, મહામંત્રી અશોકભાઇ સોલંકી સહિતના હોદ્દેદારોએ આ રજુઆતમાં જણાવ્યું છે કે કોર્પો.માં ખાલી પડેલી જગ્યાઓ માટે કાયમી-હંગામી ધોરણે ફરજ બજાવતા અને નિયમિત પગાર ધોરણમાં હોય તેવા નિયત જ લાયકાત ધરાવતા કર્મચારીઓ પાસેથી પરિપત્ર બહાર પાડીને ગત વર્ષે અરજીઓ મંગાવવામાં આવી હતી. તેનાથી જુના કર્મચારીઓને ઉપરની કેડરમાં જવાની તક મળે છે. વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓએ સફાઇ સુપરવાઇઝર, એસએસઆઇ, જુ.કલાર્ક, સીનીયર કલાર્ક વિગેરે ખાલી પડેલી જગ્યા માટે ખાતાકીય પરીક્ષાની અરજીઓ કરી છે. જેના માટે પરિપત્ર બહાર પાડવામાં આવ્યા બાદ દરેક કર્મચારીઅના ડોકયુમેન્ટ વેરીફીકેશન પણ ઓગષ્ટ ૨૦૨૪માં કરવામાં આવ્યા છે. આ વાતને પણ છ મહિના જેટલો સમય વિતી ગયો છે.

છતાં ખાતાકીય પરીક્ષા લેવામાં આવતી નથી. આ પરીક્ષાનો સિલેબસ તો મહેકમ શાખાએ બહાર પાડી દીધો છે. હવે કોર્પો.માં જુનીયર કલાર્કની જગ્યા સીધી ભરતીથી કરવા એપ્રિલમાં પરીક્ષા લેવાની છે. આ સંજોગોમાં જો ખાતાકીય પરીક્ષા લેવામાં ન આવે તો તેના કારણે સીધી ભરતીથી આવનારા કર્મચારીઓ સીનીયોરીટીમાં આગળ થઇ જાય અને જુના કર્મચારીઓને અન્યાય થાય તેવું બને તેમ છે. આથી તાત્કાલીક પરીક્ષા લઇને ઉપરની કેડરમાં પસંદગીની કાર્યવાહી શરૂ કરવા મંડળે કમિશ્નરને અનુરોધ કર્યો છે.

# રાજકોટ ડિવિઝન દ્વારા તૂટેલા અને વગર કાચ વાળી દોડાવાતી બસો

રાજકોટ ડિવિઝન હેઠળના જસદણ ડેપો નો વહીવટ ખાડે ગયો હોય તેવું જણાય છે મુસાફરોની સલામતીની દરકાર ડેપો મેનેજરને હોય તેવું લાગતું નથી. તાજેતરમાં જસદણ ડેપો ની બસ નંબર-૧૮- ૪૧૨૦ અને -૧૮- ૪૦૭૯માં ફ્રન્ટ સ્ક્રીન ગ્લાસમાં તિરાડો હતી. ને કંડકટર પાસે ફરિયાદ બુક પણ હતી નહીં. આ પ્રકારની આંધળા કાચવાળી બસો અકસ્માતને નોતરે છે અને મુસાફરો અને ડ્રાઈવરનો જાન જોખમમાં રહે છે. આ બંને બસના ફ્રન્ટ સ્ક્રીન ગ્લાસ અંગે ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. વધુમાં જસદણ ડેપો ની અન્ય બે ગાડીની ફરિયાદ આવેલ હતી જેમાં બસમાં બારીના કાચ વગરની બસો દોડાવવામાં આવી રહી છે.




જેમાં જસદણ થી સવારે ઉપડતી અને રાજકોટ આવી સવારે ૧૦૧૫ કલાકે માંગરોળ જતી બસ નંબર -૧૮- ૪૬૩૮ બસમાં સીટ નંબર ૩૭, ૩૮ કંડકટર સાઈડ અને સીટ નંબર ૩૨, ૩૩, ૩૪ ડ્રાઈવર સાઈડ માં બારીમાં કાચ હતા નહીં જે અંગે ગજેન્દ્રસિંહ ઝાલાએ કંડકટરની ફરિયાદ બુકમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરોએ નોંધવાની ફરિયાદ પોથી પરિશિષ્ટ અ ફરિયાદ નંબર ૩૩૦૬ મુજબ લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. અન્ય એક જસદણ ડેપોની બસ કે જે બસ નંબર -૧૮- ૪૦૭૯ રાજકોટ જસદણ રાજકોટ ચલાવવામાં આવે છે તે બારીમાં ૨૭, ૨૮ બારીમાં કાચ નથી. કાચ વગરની બારી હોય ત્યારે હાલ ઉનાળાની ગરમી ચાલુ થઈ છે અને ૩૬ થી ૩૭ ડિગ્રી તાપ પડી રહ્યો છે.

બપોરના સમયે આગામી દિવસોમાં સૂર્યનારાયણ નો પારો આસમાને પહોંચવાનો હોય ત્યારે આ બસોમાં જો કાચ વગરની બારી હોય તો સિનિયર સિટીઝન મહિલાઓ અને બાળકોની હાલત કફોડી બને છે અને લુ લાગી જવાની શક્યતાઓ પણ રહે છે. જસદણ રાજકોટ જસદણ ચલાવવામાં આવતી બસમાં બારીમાં કાચ ન હોવાને પગલે રાજકોટ ડેપોમાં ગજેન્દ્રસિંહ ઝાલાએ ફરિયાદ નંબર ૪૭૯૧૬૬ થી તારીખ ૬/૩ ના રોજ લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. ત્યારે આ પ્રકારની ખામીયુક્ત બસો ચલાવવામાં આવશે તો તેની સામે ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ લડત ચલાવશે.

## કાર પર લોન લેવાના કૌભાંડમાં ૫ સામે ગુનો નોંધાયો

રાજકોટની વિજય કોમર્સિયલ કો-ઓપરેટિવ બેન્કમાંથી ૧૦ કાર માટે રૂ.૯૩.૧૫ લાખની લોન મંજૂર કરાવી ઉચાપત કરનાર વધુ એક આરોપી શ્રુજય વોરાની આગોતરા જામીન અરજી સેશન્સ જજ ડી.એસ.સિંઘે રદ કરી છે. વિજય કોમર્સિયલ કો-ઓપરેટિવ બેન્કમાંથી બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા દેવિકાબેન વસાએ શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણી સાથે મળીને બે અલગ-અલગ પેઢીના નામે રૂ.૯૩.૧૫ લાખની લોન મંજૂર કરાવેલ હતી. આ લોન મેળવવા તેઓએ ગુનાહિત કાવતરું રચી પોતાના સગાંવહાલાંઓ અને ઓળખીતાઓ તેમજ અન્ય લોકોના નામની આર.સી.બુક, ઈન્સ્યોરન્સ પોલિસી, મોટરકારના ક્વોટેશન તથા બિલો સહિતના ખોટા ડોક્યુમેન્ટ રજૂ કરતા એ-ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો હતો. આ કેસના આરોપી શ્રુજય વોરાએ ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી હતી જેમાં જિલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, દસ્તાવેજો બનાવટી હોવાનું જાણવા છતાં આરોપી દેવિકાબેન વસાએ લોન મંજૂર કરેલ છે. આ અંગે ફરિયાદીએ તપાસ કરતા જાણવા મળેલ કે બેન્કમાં રજૂ થયેલા નંબરોવાળા વાહનોના દસ્તાવેજો આરટીઓમાં જુદા વ્યક્તિઓના નામે ખરીદેલા છે.

# રાજ્ય યોગ બોર્ડ દ્વારા ‘‘આંતરરાષ્ટ્રીય મહિલા દિન’’ની ઉજવણી કરાઈ

રાજકોટ : રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ‘‘આંતરરાષ્ટ્રીય મહિલા દિન‘‘ની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશપાલજીના માર્ગદર્શન હેઠળ જન જન સુધી સ્વાસ્થ્ય પ્રદાન કરવાના હેતુથી નિશુલ્ક યોગ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયરશ્રી નયનાબેન પેઢડિયાએ જણાવ્યુ હતું કે, સ્ત્રીઓએ પોતાના પરિવાર અને કામોને સરખો ન્યાય આપવા જોઈએ કારણકે, આપણી પ્રગતિમાં આપણાં પરિવારનો સાથ હોય છે.

આ પ્રસંગ રે ડો.ભાવનાબેન જોશીપુરાએ મહિલાઓને જુસ્સાભેર એકબીજા સાથે હળીમળીને કાર્ય કરવાના સંકલ્પ કરાવ્યા હતા અને કાંતાબેન વાછાણીએ મહિલાઓને સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ માહિતી આપી હતી. અંધ મહિલા વિકાસ ગૃહની બે બાળાઓએ સુંદર ગીત રજૂ કર્યું હતું. યોગ કોચ અને તેના ટ્રેનર્સ દ્વારા યોગ કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી.



સમાજમાં પોતાના પ્રતિભા- કૌશલ્ય દ્વારા કાર્ય કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર મહિલાઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે, ગુજરાતની બહેનો આત્મનિર્ભર બને તે માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવ્યો છે. તેમણે સમાજ અને વિશ્વ માટે ફરજ બજાવવા સાત બાબતોને અપનાવવાના સંકલ્પ કરાવ્યા હતાં. જેમાં સેવ ધ ગર્લ ચાઈલ્ડ, શિક્ષણ જેથી સર્વાંગી સમજ કેળવી વિકાસ કરે, સેવ વોટર - પાણી બચાવો, સેનિટેશન પોતાના જ ઘરની સાથે રસ્તા જાહેર સ્થળોમાં સ્વચ્છતા રાખીએ અને બાળકોને શીખવીએ, સેલ્ફ રિલાઈન્સ - આત્મ નિર્ભર બનીએ, સેલ્ફ ડિફેન્સ - સ્વ રક્ષણ કરતાં શિખીએ અબળા નહીં સબળા બનીએ, સેલ્ફી વિથ ટ્રી- પર્યાવરણને બચાવવા સહિતની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ડો. પિનાબેન કોટક, શ્રી જયશ્રી દીદી, આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન સેજપાલ, હીમરેશાબેન રાયચૂરા, શ્રી જ્યોતિબેન ટીલવા, શ્રી નિશાબેન દૂમ્મર, પ્રેસ મીડિયા પ્રભારી પારૂલ દેસાઈ અને નિતિન કેસરિયા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સ્ટેટ કો-ઓર્ડિનેટરશ્રી અનિલભાઈ ત્રિવેદી, શ્રી પ્રજ્ઞાબેન સેજપાલ, શ્રી વંદનાબેન રાજાણી, શ્રી ગીતાબેન સોજિત્રા, શ્રી મીતાબેન તેરૈયા સહિત ૯૦૦ જેટલા યોગ બોર્ડના હોદ્દેદારો, ટ્રેનર્સ તેમજ તેમના સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગર-નટરાજ વિસ્તાર સંયુક્ત પરિવાર અભિવાદન

રાજકોટઃ વર્તમાન આધુનિક ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સમયમાં ટીવી , મોબાઈલ અને અન્ય સોશિયલ મીડિયાના પ્રભાવને કારણે કુટુંબમાં પરિવાર ભાવનાનો હાસ થતો જોવા મળે છે. પરિણામે પરિવારમાં અસહિષ્ણુતા અને વિભક્ત કુટુંબનાં કારણે સંપત્તિનાં વિભાજન નાં પ્રશ્નો ઊભા થયેલા જોવા મળે છે, અને વડીલોની પારિવારિક સ્થિતિ કફોડી બની જાય છે, પરિવાર તૂટતું જાય છે. હિન્દુ સંસ્કૃતિ સમાજમાં પરિવાર એક સાર્વભૌમિક સંસ્થા રહી છે. પરિવારને મજબૂત કરવા અને પારિવારિક મૂલ્યોના સંરક્ષણ માટે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, રાજકોટ મહાનગરના નટરાજ વિસ્તારમાં કુટુંબ પ્રબોધન કાર્યને સમાજ વ્યાપી બનાવવા તા . ૯ મી માર્ચ,૨૦૨૫, રવિવારના રોજ ઈનોવેટિવ સ્કૂલ, મિલાપનગર, પંચાયત ચોક ખાતે ‘‘ પરિવાર પ્રબોધન ‘‘ નો કાર્યક્રમ સાંજે ૪૩૦ વાગ્યે યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ,રાજકોટ મહાનગરના કાર્યવાહ અને પ્રસિદ્ધ કોલમિષ્ટ ડૉ. આશિષ શુક્લ દ્વારા બૌધ્ધિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ પ્રસંગે હિન્દુ સંસ્કૃતિ મુજબ સંયુક્ત પરિવાર ધરાવતા પરિવારોનું અભિવાદન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સહ પરિવાર પધારવા નિમંત્રણ છેઆ અંગે વધુ માહિતી માટે શ્રી મિતેશભાઈ ટંકારિયા, મોબાઈલ નંબર ૯૯૨૫૩૧૧૯૯૯ ઉપર સંપર્ક કરવા.

# સોના અને ક્રૂડમાં થયેલી પીછેહટ બંધ બજારે રૂપિયો તૂટી રૂ.૮૭.૧૫ બોલાયો

મુંબઈ મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. બંધ બજારે સોનાના ભાવ ઘટ્યા હતા ચાંદી અથડાતી રહી હતી. વિશ્વબજારમાં સોનામાં પીછેહટના સમાચાર હતા. ઘરઆંગણે, અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦ ઘટી ૯૯૫ના રૂ.૮૮૫૦૦ તથા ૯૯૯ના રૂ.૮૮૮૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૫૦૦ ઘટી રૂ.૯૬૫૦૦ રહ્યા હતા.

મુંબઈ બુલીયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૮૫૭૧૪ વાળા રૂ.૮૫૬૦૦ તથા ૯૯૯ના રૂ.૮૬૦૫૯ વાળા રૂ.૮૫૯૦૦ બોલાતા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૬૭૨૪ વાળા રૂ.૯૬૮૦૦ બોલાતા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા.

દરમિયાન, વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૯૧૮થી ૨૯૧૯વાળા ઘટી નીચામાં ૨૮૯૬ થઈ છેલ્લે સપ્તાહના અંતે ૨૯૦૯થી ૨૯૧૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૨.૪૦થી ૩૨.૪૧ વાળા જોકે વધી ૩૨.૭૦ થઈ છેલ્લે ભાવ ૩૨.૫૩થી ૩૨.૫૪ ડોલર રહ્યાના નિર્દેશો હતા. અમેરિકામાં તાજેતરમાં ખાનગી ક્ષેત્રના જોબગ્રોથના આંકડા નબળા આવ્યા હતા તથા બેરોજગારીના દાવાઓ પણ વધ્યા હતા તથા ત્યારબાદ જાહેર થયેલા નોન- ફાર્મ પેરોલના ડેટા અપેક્ષાથી ઓછા આવ્યાના સમાચાર મળ્યા હતા. ત્યાં આ આંકડા ૧ લાખ ૫૧ હજાર આવ્યા હતા જેની સામે અપેક્ષા ૧ લાખ ૬૦ હજારની હતી.



દરમિયાન, ડિસેમ્બરના આવા આંકડા ૧૬ હજાર અપવર્ડ રિવાઈઝ કરાયા હતા જ્યારે જાન્યુઆરીના આંકડા ૧૮ હજાર ડાઉનવર્ડ રિવાઈઝ કરવામાં આવ્યાના સમાચાર હતા. દરમિયાન, ત્યાં બેરોજગારીનો દર સહેજ વધી ૪.૧૦ ટકા આવ્યાના નિર્દેશો હતા. આવા માહોલમાં ત્યાં હવે પછી વ્યાજના દર વિશે ફેડરલ રિઝર્વ કેવો વ્યુહ અપનાવે છે તેના પર વિશ્વબજારની નજર હતી.

રશિયાએ યુક્રેન સાથે અમુક શરતોને આધીન યુધ્ધ વિરામની તૈયારી બતાવી છે. આવા યુધ્ધ વિરામ માટે અમેરિકા પ્રયત્નો કરી રહ્યું છે. જોકે આ દરમિયાન રશિયાની ઓઈલ રિફાઈનરી પર યુક્રેનના ડ્રોન દ્વારા હુમલો કરાયાના સમાચાર પણ આવ્યા હતા. વિશ્વબજારમાં કોપરના ભાવ ઘટી છેલ્લે ૨.૦૩ ટકા માઈનસમાં રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ વધી ૯૭૭ થઈ છેલ્લે ૯૬૯થી ૯૭૦ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ વધી ૯૫૯થી ૯૬૦ થઈ છેલ્લે ૯૫૦થી ૯૫૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતો અટકી ૧૦૩.૫૮ વાળો ઉંચામાં ૧૦૪.૦૪ થઈ ૧૦૩.૯૧ રહ્યાના સમાચાર હતા. વિશ્વબજાર પાછળ મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૬.૮૭ વાળા ઉછળી રૂ.૮૭ પાર કરી રૂ.૮૭.૧૪થી ૮૭.૧૫ આસપાસ રહ્યા હતા. દરમિયાન, વૈશ્વિક ક્રૂડતેલના ભાવ સતત દબાણ હેઠળ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૦.૪૯ વાળા નીચામાં ૬૯.૩૦ થઈ છેલ્લે ૭૦.૩૬ ડોલર રહ્યા હતા. નવી માગ ધીમી હતી. ઓપેકના દેશો એપ્રિલથી ઉત્પાદન વધારશે એવા સંકેતો મળી રહ્યા હતા. સાઉદી અરેબીયાએ એશિયાના દેશો માટે ક્રૂડતેલના વેચાણ ભાવમાં ઘટાડો કર્યાના વાવડ પણ મળ્યા હતા.

## મોંઘવારી હજુ ઘટશે ! પ્રજાને મળશે મોટી રાહત, શાકભાજીની કિંમતો થઈ શકે છે સસ્તી

યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ, ભારતમાં જૂન-૨૦૨૩માં પહેલીવાર ખાદ્ય ફુગાવો પાંચ ટકા ઘટી શકે છે. ભારતમાં શાકભાજીની કિંમતો ઘટવાના કારણે ફેબ્રુઆરી-૨૦૨૫માં એકંદર રિટેલ ફુગાવો વધુ ધીમો પડીને ચાર ટકાની નીચે પહોંચી શકે છે. રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે, ફેબ્રુઆરીમાં ગ્રાહક ભાવ સૂચકાંક () મોંઘવારી ઘટીને ૩.૯૪ ટકા નોંધાઈ છે, જ્યારે જાન્યુઆરીમાં-૨૦૨૫માં ૪.૩૧ ટકા નોંધાઈ હતી.



રિપોર્ટ મુજબ, શાકભાજી, ખાસ કરીને ડુંગળી, બટાટા અને ટામેટાની કિંમતોમાં ફરી ઘટાડો થવાના કારણે ફેબ્રુઆરી-૨૦૨૫માં સીપીઆઈ મોંઘવારી ૩.૯૪ ટકા સુધી ઘટવાની આશા છે. જ્યારે જાન્યુઆરીમાં તે ૪.૩૧ ટકા નોંધાઈ હતી. આ પહેલા પણ શાકભાજી અને અન્ય ખાદ્ય ઉત્પાદનોના ભાવ ઘટવાને કારણે ડિસેમ્બર-૨૦૨૪માં રીટેલ ફુગાવો ઘટીને ૫.૨૨ ટકા થયો હતો. રિટેલ ફુગાવાનો મુખ્ય કમ્પોનેન્ટ ખાદ્ય ફુગાવો છે, જે ફેબ્રુઆરી ૨૦૨૫માં ઘટીને ૪.૬૬ ટકા થવાનો અંદાજ છે. આ એક મોટો ઘટાડો હશે. જૂન ૨૦૨૩ પછી આ પ્રથમ વખત છે, જ્યારે ખાદ્ય ફુગાવો ૫ ટકાના સ્તરથી નીચે ગયો છે. ખાદ્ય ફુગાવો સતત ચોથા મહિને નેગેટિવ ઝોનમાં રહ્યું છે, કારણ કે તે સમયે એટલે કે શિયાળાની ઋતુમાં શાકભાજીની કિંમતોમાં ઘડાડો થતો હોય છે.

રિપોર્ટ મુજબ ખરીફ ઉત્પાદન મજબૂત થયું છે તેમજ શિયાળામાં શાકભાજીની કિંમતો ઘટી છે, જેના કારણે આ બંને પરિબળોએ ખાદ્ય મોંઘવારી ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. જોકે આ દરમિયાન ખાદ્ય તેલો અને ખાંડની કિંમતોમાં વધારો થયો છે.

## નિફ્ટી હજુ ૨૨૩૦૦ સુધી ૧૦ ટકાનું કરેકશન બતાવી શકે : નિષ્ણાંતો ફરી સાવચેત

### ૧૦ મહિનાની તળીયેથી ચાર દિવસમાં ૪૭૦ પોઈન્ટ રિકવર થયેલ...




મુંબઈ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોમાં પણ છેલ્લા પાંચ મહિનામાં મોટું ૧૬ ટકા જેટલા ઘટાડાનું કરેકશન આવી ગયું છે. નિફ્ટી પાંચ મહિનામાં મોટું કરેકશન બતાવીને તાજેતરમાં ૧૦ મહિનાની નીચી સપાટીએ આવી ગયો હતો, જે છેલ્લા ચાર ટ્રેડિંગ દિવસમાં ૪૭૦ પોઈન્ટ જેટલી રિકવરી બતાવીને ૨૨૪૬૪ની સપાટીએ પહોંચ્યો છે. માર્કેટ કેપિટલાઈઝેશન પણ ચાર દિવસમાં રૂ.૧૪.૨૮ લાખ કરોડ વધીને રૂ.૩૯૮.૨૯ લાખ કરોડ પહોંચ્યું છે.

બેંક ઓફ અમેરિકા અને સિટી દ્વારા તાજેતરમાં ભારતીય શેર બજારો માટે રિકવરીના સંકેત આપીને ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં નિફ્ટી માટે ૨૬૦૦૦ સુધીના ટાર્ગેટ આપવામાં આવ્યા સામે હવે એક્સિસ કેપિટલ દ્વારા બજારમાં હજુ ૧૦ ટકા કરેકશન એટલે કે ઘટાડાની શકયતા બતાવવામાં આવી છે.

એક સમિટ ખાતે એક્સિસ બેંકના ચીફ ઈકોનોમિસ્ટ અને એક્સિસ કેપિટલના ગ્લોબલ રિસર્ચ હેડ તેમ યુઆઈડીએઆઈના ચીફ નિલકંઠ મિશ્રાએ ભારતીય શેર બજારોમાં તાજેતરના ધબડકા બાબતે જણાવ્યું હતું કે, પોતે હજુ માને છે કે, બજારમાં વધુ ૧૦ ટકાનું કરેકશન-ઘટાડો આવી શકે છે. કરેકશન પાછળનું સૌથી સંભવિત કારણ નોમિનલ જીડીપી વૃદ્ધિ થશે, પરંતુ બજારનું માર્કેટ કેપિટલાઈઝેશન એટલું જ રહેશે.

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

ગુણ ના હોય તો રૂપ વ્યર્થ છે, ઉપયોગ ના હોય તો ધન વ્યર્થ છે, નમ્રતા ના હોય તો વિદ્યા વ્યર્થ છે, પરમાર્થ ના હોય તો જીવન વ્યર્થ છે, ભાવ ના હોય તો ભક્તિ વ્યર્થ છે. કર્મો પ્રત્યે સજાગ રહીએ

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

Since 2003
RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

# Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life

## SPOKEN ENGLISH

# અંગ્રેજી આટલું સરળ?
## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
**MONEY BACK GUARANTEE...**

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યકિતગત માર્ગદર્શન.**
- ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



**૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી**

ત્રણ દિવસ
**ફ્રિ સેમિનાર**

ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

**: હેડ ઓફીસ :** Mo.98793 29391
"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

**: બ્રાન્ચ ઓફીસ :** Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.

Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper











ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...